1 BHK રેડી ફ્લેટ 99 લાખ
તદ્દન નવી બિલ્ડિંગમાં
Office Wadhwa The Gateway
Sale/Rent Availabe
2 BHK 1.50 cr.
3 BHK 1.90 cr.
ઓબેરોય 3,4 BHK ભાડેથી
તેમજ વેચાણથી મળશે
Deepak Kesaria
9707 777 771

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

Kamlesh
Namkeen! Har Din...
www.namkeenhardin.com

વર્ષ : ૨૭ ● અંક : ૩૭ ● સળંગ અંક : ૧૩૫૩ ● મુંબઈ ● બુધવાર ● તા.૨ ઓક્ટોબર – ૮ ઓક્ટોબર ૨૦૨૪ ● કુલ પાના ૨૪ ● કિંમત રૂ.૫.૦૦

PINAL

THE APEX OF GRANDEUR



PRAMUKH KRUPA

MULUND WEST


1, 2 & 3 BHK LUXURIOUS RESIDENCES WITH DECK

STARTING FROM ₹ 1.15 CR++ ONWARDS

5th SLAB COMPLETED



SURFACE PARKING



OUTDOOR THEATRE



BALCONY



KIDS PLAY AREA

Artist's impressions

8452 059405

Maharera Registration No. P51800050490
https://maharera.mahaonline.gov.in

Click Here

# ક્લાસિફાઈડ્સ

**ખાસ નોંધ**

આ અખબારમાં પ્રગટ થતી કોઈપણ જા.ખ.ના આધારે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે ગુર્જરમાત કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે ગુર્જરમાતના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

– વ્યવસ્થાપક

**ક્લાસિફાઈડ્સ જાહેરાતના દર**

ક્લાસિફાઈડ્સ જાહેરાતના પ્રથમ ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા.૫ તરીકે લેવા આવશે. + ૫% જીએસટી અલગ લેવા આવશે. જાહેરાત સોમવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહેશે.

**જાહેરખબર મોકલાવો - કાર્યાલયમાં આપો**

મુલુંડ ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર
બી–૩, ક્રિષ્ણકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર,
વાલજી લધ્ધા રોડ, મુલુંડ(વે).
સંપર્ક : **9322257731**
gurjarmat@gmail.com
www.facebook.com gurjarmat
www.gurjarmat.com

**Display Advt. Rates**

**First colour Page**
Rs.**40/-** Per Sq.cm.
**Last colour Page**
Rs.**32/-** Per Sq.cm.
**Inner Colour Page**
Rs.**24/-** Per Sq.cm.

## શૈક્ષણિક

**French Classes**

I help you to learn French Language to it's best. Online and offline classes, Weekend Classes too, Acedemic wise classes, Levels exams till A2, Audio visual sessions and oral practice, Library facility available to borrow books. Call : **9821116175** 1163 (1374)

**English Grammar Tuitions Board: ICSE/CBSE**

Std.: 8th, 9th, 10th. Small Batches of 5-7 students Personalized Attention Regular Assessment and Mock Tests Whats App: **8169587673** Mulund West Batches start from 1st June 2024 1163 (1374)

## નોકરી સંબંધી

Required - Sales/ Marketing Executive having 4 - 6 years experience in real estate. Required Architect having 4 - 6 years experience in design. Apply in person at : info.realty2024 @gmail.com within 7 days 6729 (1352)

**GROOMING**

Shape Up Your Personality. Get Trained to be a Winner by **Abhijit Sir-98674 89566** Mulund 6685 (1357)

**એકાઉન્ટસ**

કંપની સોસાયટી અને પર્સનલ એકાઉન્ટસ, જી.એસ.ટી., ઈન્કમટેક્સ સાથે ફાઈનલાઈઝેશન સુધી કરી આપશું. **દિલીપભાઈ - 9324203535** 499 (1397)

Job in Insurance Sector Call : **9773661090**

Follow us on /gurjarmat
Website : www.gurjarmat.com

## ધંધાદારી

**કવર! કવર!! કવર!!!**

ટ્રોલી બેગ, ડાઈનીંગ ટેબલ, L.C.D. વોશીંગ મશીન, હોમ થીયેટર, ઓવન, કોમ્પ્યુટર, સાડી, ડસ્ટ પ્રોટેક્ટ કવર ઈન્ડિયન, ઈમ્પોર્ટેડ ટ્રાન્સપરન્ટમાં **સંપર્ક : ઈલાબેન પંડ્યા - 9224366624** 000 (1404)

**વોશીંગ મશીન રીપેરીંગ**

શું આપનું વોશીંગ મશીન માઈક્રોવેવ ઓવન LCD, LED, T.V., બગડી ગયું છે? બોલાવો પ્રેમલ શાહને ઘરે આવીને રીપેર કરી આપશું. **પ્રેમલ શાહ : 9892020358** 916 (1365)

**પ્રતાપ પેકર્સ એન્ડ મુવર્સ**

૪૯ વર્ષથી ઓફીસ ઘર સામાન, કાર, હોમ ટુ હોમ. **9920955291, 98210 70320, 9821543816 લલીતભાઈ ઠક્કર** 031 (1378)

**Jainam Publicity**

પેપરોમાં મરણનોંધ, શ્રધ્ધાંજલિ આપવા દોડાદોડી કરશો નહિં, ફક્ત Whatsapp કરો. **9619160611, 9323804751** 621 (1361)

**RVS Pest Control**

Fast Relief From Termite, Bedbugs, Cockroaches, Rats, General Injection etc. With Full Guarantee. **90048 88384, 98333 31222** 6658 (1363)

**મામલ ફુડસ**

બહારગામ માટે જમવાનું ડીહાઈડ્રેટ અને થેપલા, પરોઠા, અથાણા વેક્યુમ કરીને મળશે. સંપર્ક : **8693835501** 063 (1354)

**સનસાઈન કવર્સ**

ડાઇનિંગ ટેબલ કવર, વોશિંગ મશીન કવર, સુટકેશ કવર, ઘરઘંટી કવર, માઈક્રોવેવ કવર, બ્લેન્કેટ કવર, બ્લાઉઝ કવર, ગીફ્ટ આઈટમ કવર, ગિટાર કવર, કેસીઓ કીબોર્ડ કવર, સાડી કવર, કુર્તિ કવર, અન્ય વિવિધ પ્રકારના કવર તમારા ઘરે, ઓફિસે આવીને બનાવી આપીશું. **આલમ - 98924 44436 98924 44413 / શબ્બીર - 87798 49022, 88501 55168.** 00 (1357)

## જગ્યા સંબંધી

**શ્રી એસ્ટેટ એજેન્સી**

ઘર, મકાન, દુકાન, પ્લોટસ લેવા અથવા વેચવા સંપર્ક કરો. **9324017291, 98700 56751** 034 (1379)

**Oberoi Eternia**

3 BHK Unfurnished/ Semi-Furnished, Ready to move in apartments available for Sale/Rent. Contact : **9224944922, 9833726529** 6697 (1383)

2 BHK વેચાણમાં દેવીદયાલ 1.60 Cr, એનથુરિયમ 2 Cr. ફનિશ્ડ, તિરૂમલા 2.15 Cr. ફનિશ્ડ, સર્વોદય 1.90 Cr. પાંચરસ્તા 1.60 Cr, તાંબેનગર 1.70 Cr. **9821667946** 6309 (1355)

3 BHK વેચાણમાં દેવીદયાલ 2.85 Cr, તિરૂમલા 3 Cr, તાંબેનગર 2.70 Cr **9821667946** 6309 (1355)

ભાડેથી ઉપલબ્ધ 2 BHK, 3 BHK દેવીદયાલ, પાંચરસ્તા, વર્ધમાન નગર, સર્વોદય **9821667946** 6309 (1355)

રૂનવાલ પ્રાઈડ, આર.મોલ 2 BHK વેચાણથી એરિયા 700 કારપેટ. **નિલેશ : 93239 01171, 87798 97074** 632 (1401)

**Oberoi Enigma**

3 BHK / 4 BHK Unfurnished/Semi-Furnished, Ready to move in apartments available for Sale/Rent. Contact : **9224944922, 9833726529** 6698 (1383)

## ધંધાદારી

એલ્યુમિનિયમ સ્લાઈડીંગ બારીઓ રીપેરીંગ અને નવી કરી આપશું. **સંપર્ક : ભરતભાઈ 09730402879, 79772 67990** 6660 (1365)

**જુના કપડા વેચાતા લેશું**

જુના પેંટ, શર્ટ, સાડી, પંજાબી ડ્રેસ જુની જરી બોર્ડરની સાડી, શેલા રોકડા પૈસાથી લેશું. **અજયભાઈ - 9833237011** 491 (1357)

**For Advertise 9322257731**

## ધંધાદારી

**સિલ્વર પ્લેટેડ ગિફ્ટ આર્ટીકલ**

નવરાત્રીમાં દીકરીઓ માટે સિલ્વર પ્લેટેડ ગિફ્ટ આર્ટીકલ અને ફેન્સી પાયલ માટે પધારો ઓમ કલેક્શન આસ્થા હોસ્પિટલની આગળ, પટેલ જનરલ સ્ટોરની સામે, આગ્રા રોડ મુલુંડ કોલોની (વેસ્ટ) સંપર્ક : **9372330750 / 7021213771** 6311(1356)

**મુલુંડ વેસ્ટમાં જેન્ટસ વેરનું બમ્પર સેલ સેલ સેલ**

પ્લસ સાઈઝની કોટન પેન્ટની અઢળક વેરાયટીઓ જોવા ખાસ પધારો. હોલસેલ ભાવમાં રીટેલ જેન્ટસ વેરમાં બ્રાન્ડેડ ફેબ્રીકમાં કોટન પેન્ટ, હોઝીયરી ટ્રેક પેન્ટ, બર્મુડા, જીન્સ (28 to 50), શર્ટ, ટી–શર્ટ (M to 8 XL) સાઈઝમાં અનેક વેરાયટીઓ ઉપલબ્ધ. ઓફર શર્ટ રૂા.૩૦૦/–થી શરૂ. સિલેક્શન મેન્સ વેર, ગાલા નં.૫૪, રાજા ઈન્ડસ્ટ્રીયલ ઈસ્ટેટ, પી.કે. રોડ, મુલુંડ (વે), મુંબઈ–૮૦. સમય ૧૦ થી ૭. સોમવાર બંધ. સંપર્ક : **દીપેન ભેદા- 9137501277** (1341)

## લગ્ન સંબંધી

**પૂજા મેરેજ બ્યુરો**

**મેળાપથી હસ્તમેળાપ સુધી**

ગુજરાતી, જૈન, કચ્છી, ભાનુશાલી સમાજના યુવક–યુવતીઓ માટે જીવનસાથી મેળવવાનું એકમાત્ર સ્થાન. દીકરીઓ માટે ફ્રી રજીસ્ટ્રેશન સંપર્ક : **88283 52585** કરી તમારા જીવનસાથીની શોધ પુરી કરો. 1227 (1376)

**Your Business Advertisement In Our SOCIAL MEDIA Contact : 9322257731**

## મહિલા માટે

**1+1 Free**

બ્રાઈડલ પેકેજ, બ્યુટી પેકેજ, બ્યુટી પાર્લર શીખો, કાન, કાણા પૂરાવો. ઘર બેઠા કરો. **9867094908, 9224751673** 163 (1384)

**ઘરઘંટીનો ભવ્ય શોરૂમ**

૮ વર્ષની ગેરેંટી દરેક પ્રકારની ઘરઘંટી ISI-ISO Service તથા Spare Available **Bhavana Sales / Service** Shop No. 55, Lalan Bldg., P.K. Road, Opp.Manoranjan Showroom, Panch Rasta, Mulund (W). **25933413, 9820055816** 1090 (1370)

## જગ્યા સંબંધી

**100% VASTU COMPLIANT**

Furnished Flat For SALE
RUNWAL PRIDE - 2 BHK
Higher Floor (15th Floor)
With 1 Covered Parking
Built up - 940 sq.ft.
Price - Rs.1.85 Cr.
L.B.S. Marg, Mulund(West).
Contact: 8097080546

વનબેડ આંબેડકર રોડ 89, પી.કે.રોડ માસ્ટર બેડ ફ્લેટ 1.08, વી.પી.રોડ પાર્કીંગ, OC માસ્ટર બેડ 130/૨ બેડ આંબેડકર 145, જે.એન. રોડ (160, 140 સુધી શક્યતા) એલ.બી.એસ. 135 દેવીદયાલ ક્રોસ રોડ નવા ટાવરમાં હાયર ફ્લોર, બધી જ એમેનીટીઝ, રેમ્પ પાર્કીંગ સાથે 185/૩ બેડ હાયર ફ્લોર યુજેબલ 1100 (260, 240 શક્યતા)/૪ બેડ 1750 (4 CR શક્યતા) ૨ પાર્કીંગ/ઈન્ડ.યુનીટ ગ્રા. 1135+180, 2500, 275 બન્ને યુનીટ વેચાણથી/270 ફૂટ 170 દુકાન વેચાણથી સ્ટેશન નજીક/ભાડે લેવા આપવા. તેમજ ફાયદાથી ઘણા ઓપશન છે. વેચાણ બ્રોકરજ ૧%, ભાડે મીનીમમ ૧ મહિનાની. **સંપર્ક : અતુલ કતીરા - 9821180931, 8779441915** 131 (1382)

**Click Here**

પોસ્ટ ખાતાની વિવિધ બચત તેમજ વીમા યોજના માટે
• કિસાન વિકાસ પત્ર (KVP)
• નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ (NSC)
• મન્થલી ઈન્કમ સ્કીમ (MIS)
• રીકરીંગ ડિપોઝીટ (RD)
• સુકન્યા યોજના વિગેરે માટે
રાજલ જીગર ચંદે 9920014863

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

અન્નદાન - મહાદાન
આઈડીયલ હોમ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ®
@ હેપી ફ્રીજ
સંપર્ક : 79771 17894

વર્ષ : ૨૭ • અંક : ૩૭ • સળંગ અંક : ૧૩૫૩ • મુંબઈ • બુધવાર • તા.૨ ઓક્ટોબર - ૮ ઓક્ટોબર ૨૦૨૪ • કુલ પાના ૨૪ • કિંમત રૂ.૫.૦૦

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.

1st July - 31st December 2024

STAMP FRANKING Now Available

With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

TRADE LOAN
LOAN AGAINST PROPERTY
MORTGAGE LOAN
COMMERCIAL (CRE)LOAN
*8.49% (p.a.)
HOUSE REPAIR
PRE OWNED CAR LOAN
MACHINESE LOAN
COMFORT (CONSUMER DURABLE)

*ROI linked to the CIBIL score. Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) | |
|---|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 | |
| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT www.arihantbank.com @ Arihant Bank

Click Here

દાતા—માતા—વિધાતા ★ તમેજ છો અંબેમાતા

મા
જય અંબે

# અંબાજી ધામ

(મુલુંડ)

ૐ
ૐ નમઃશિવાય

અંબા-અંબા બોલતા, કરો હૃદયથી પોકાર, અંબામા આવે દોડતા, એને જરી ન લાગે વાર...
મુલુંડના આંગણે અંબાજી ધામમાં રાજ રાજેશ્વરી આદ્યશકિત, જગતજનની

## 卐 માતાજીના આવ્યા રૂડા નોરતાં 卐

मां तेरे द्वारे जो कोई आता बिन मांगे सबकुछ मिल जाता

આસો માસની અજવાળી રે ! આવી છે નવરાત્રી નવલખ તારલા ની જયોત લઈને આવ્યા અંબેમાત ॥ આરાસુરવાળા ગબ્બરના ગોંખવાળા પૂ. અંબામા સાક્ષાત સ્વરૂપે અંબાજી ધામમાં બિરાજી દિવ્ય પ્રકાશ પાથરી ભકતોનાં અનેરા કાર્ય કરી સુખ શાંતી અર્પી રહયા છે. ભકત સમુદાય દર્શન કરી આશિર્વાદ મેળવી આનંદ અનુભવે છે. જયાં માનવનો મેળો ભરાય, ઢોલ શરણાઈના સૂર ગુંજતા હોય, મન રાસ ગરબે રમવા અધીરૂં થાય, ગરબાની રમઝટ જામે, માતાજીના દિવ્ય દર્શનનો સાક્ષાત્કાર થાય એવા.....

અંબાજીધામમાં મુલુંડના આંગણે

## નવરાત્રી મહોત્સવ

## વર્ષ ૪૭ મું

પુજય અંબામાઁની પુજા—અર્ચના કરી માઁના તેજનો દિવ્ય પ્રકાશ મેળવી માઁના હદય કમળથી ઉદ્‌ભવેલાં આશિષ મેળવવાનો અમુલ્ય અવસર એટલે માતાજીના નોરતાં

જે કોઈ આવે ભાવથી અંબામા તમારે દ્વાર, મન માંગ્યું તમે આપતા એવા દિલના છો દાતાર

## કાર્યક્રમ

| | | | | |
|---|---|---|---|---|
| બુધવાર | તા. ૦૨-૧૦-૨૪ | અમાસ | ૮.૩૦ કલાકે | ઘટ સ્થાપના (માતાજીની ચોકમાં પધરામણી). |
| ગુરૂવાર | તા. ૦૩-૧૦-૨૪ | એકમ | રાત્રે ૯.૩૦ કલાકે | શ્રી દુર્ગા સંકિર્તન મંડળ દ્વારા, શ્રી રવિ અશોકભાઈ મખીજા પરિવાર તરફથી માતાજીની ચોકી |
| શુક્રવાર | તા. ૦૪-૧૦-૨૪ | બીજ | રાત્રે ૯.૩૦ કલાકે | શ્રી અંબાજી ધામ હાલરડુ મંડળ, (શ્રીમતી મનીષાબેન વ્યાસ) દ્વારા ભજન કીર્તન. |
| શનિવાર | તા. ૦૫-૧૦-૨૪ | ત્રીજ | રાત્રે ૯.૩૦ કલાકે | આચાર્ય શ્રી ધનશ્યામભાઈ બી. જાની (ભાગવત કથાકાર) દ્વારા - સુંદરકાંડના સંગીતમય પાઠ. |
| રવિવાર | તા. ૦૬-૧૦-૨૪ | ત્રીજ/ચોથ | રાત્રે ૯.૩૦ કલાકે | સ્વરશ્રી પ્રતિષ્ઠાન સંસ્થાના - શારિરીક અક્ષમ. (અંધ, અપંગ) બાળકો દ્વારા સંગીતમય ભજન કીર્તન. |
| સોમવાર | તા. ૦૭-૧૦-૨૪ | ચોથ /પાંચમ | રાત્રે ૯.૩૦ કલાકે | શ્રી અંબાજી ધામ ભકત પરિવાર દ્વારા શિવ મહિમ્નઃ સ્તોત્ર ના પાઠ તથા અભિષેક, થાળ અને આરતી. |
| મંગળવાર | તા. ૦૮-૧૦-૨૪ | પાંચમ /છઠ્ઠ | સવારે ૯.૩૦ કલાકે | ૧૦૦૮ કુમારીકાઓ માતાજીની મંડપમાં આરતી ઉતારશે. |
| | | | રાત્રે ૧૦.૦૦ કલાકે | આરતી પછી માતાજીની સંગીતમય ધૂન/ગરબા. |
| બુધવાર | તા. ૦૯-૧૦-૨૪ | છઠ્ઠ /સાતમ | રાત્રે ૯.૩૦ કલાકે | ૧૦૮ દંપતી માતાજીની મંદિર માં સજોડે આરતી ઉતારશે. (પોતાની આરતી ઘરેથી લઈ આવવા ખાસ વિનંતી.) |
| ગુરૂવાર | તા. ૧૦-૧૦-૨૪ | સાતમ | રાત્રે ૯.૩૦ કલાકે | શ્રી પ્રશાંતભાઈ કતીરા અને શ્રી મનીષભાઈ સોમૈયા દ્વારા, શ્રી અંબાજી ધામ ભકત પરિવાર તરફથી માતાજી ની ચોકી. |
| શુક્રવાર | તા. ૧૧-૧૦-૨૪ | આઠમ | રાત્રે ૯.૩૦ કલાકે | અષ્ટમી હવન (શ્રીફળ હોમઃ રાત્રે ૧૧.૩૦ કલાકે.) |
| શનિવાર | તા. ૧૨-૧૦-૨૪ | નોમ/દશમ | રાત્રે ૧.૦૦ કલાકે | દશેરા-વિજયાદશમી- મંદિરનાં ગરબા વિસર્જન. |
| ગુરૂવાર | તા. ૧૭-૧૦-૨૪ | પૂનમ | સવારે ૯.૦૦ કલાકે | શરદ પૂર્ણિમા- વ્રતની પૂનમ,(શ્રી સત્યનારાયણ ભગવાન ની પૂજા.) |

**મહિલાઓ માટે રાસગરબા રોજ સાંજે ૬.૦૦ થી ૭.૩૦ માતાજીના મંડપમાં રમાશે.**

**કોઈ ભાઈ તથા બહનો એ ઘરના વિસર્જન માટે ના ગરબા અંબાજી ધામ મંદિર માં લાવવા નહીં. આ વર્ષે ઘરના ગરબા વિસર્જનની વ્યવસ્થા અંબાજી ધામ તરફથી કરવામાં આવેલી નથી.**

નોંધઃ કોઈપણ કાર્યક્રમમાં સંજોગો અનુસાર ફેરફાર થઈ શકશે એની નોંધ લેવી.

અમો આભારી છીએ સંસદ સભ્યો, વિધાન સભ્યો તથા મુલુંડના નગર સેવકો,મુલુંડ પોલીસ સ્ટેશન,T.M.T.અને બી.ઈ.એસ.ટી. ડીપાર્ટમેન્ટ, મુલુંડ-R.T.O., BMC ઓફીસરો, કાર્યકર ભાઈ-બહેનો તથા જાહેર જનતાએ આપેલ સેવા અને સહકાર બદલ.

કાર્યક્રમના સંચાલક : શિવશક્તિ રીલીજીયસ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી.) અને અંબાજી ધામ ભક્ત પરિવાર

જેની ભીડે માં અંબિકા, સર્વ મંગલ તેનું થાય, પ્રેમથી માને યાદ કર્યે પલમાં બાજી સુધરી જાય

(સર્વ ભકતોને જય અંબે)

Click Here

Yogi Hills-Mulund West
Available 2 BHK For Sale
Fully Furnished Flat
Without Electronic Items.
Full Flat Garden Facing
Carpet : 610' Sq.Feet
Payment - Full Cheque
If Required we sending
Photos and Videos.
Owner : Sanjay Thakker
9833726529, 9223358545

ગુર્જરમાત
/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

PRIME PEST CONTROL
BMC Approved
Pest Control &
Also Services For
Mosquito & Bird Netting
TO BOOK YOUR SERVICE
80705 23555 / 666 / 777 / 888 / 999
primepestcontrolserve@gmail.com
www.primepestcontrolservices.com
Branch : Mulund (West), Mumbai - 400 080.
Head Office : Dadar (West), Mumbai - 400 028.

વર્ષ : ૨૭ ● અંક : ૩૭ ● સળંગ અંક : ૧૩૫૩ ● મુંબઈ ● બુધવાર ● તા.૨ ઓક્ટોબર – ૮ ઓક્ટોબર ૨૦૨૪ ● કુલ પાના ૨૪ ● કિંમત રૂ.૫.૦૦

# બૃહન્મુંબઈ નાગરી સહકારી બેંક્સ એસોસિએશન દ્વારા શ્રી અરીહંત કો.ઓ. બેંકને શ્રેષ્ઠ બેંકનો એવોર્ડ એનાયત







બૃહન્મુંબઈ નાગરી સહકારી બેંક્સ એસોસિએશન દ્વારા ૨૫૧ કરોડથી ૧૦૦૦ કરોડનો કુલ વ્યવસાય કરનારી બેંકોના વર્ગમાં શ્રી અરિહંત કો-ઓપરેટિવ બેંકને શ્રેષ્ઠ બેંક તરીકેનો પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત થયો છે.

આ પુરસ્કારનું વિતરણ શુક્રવાર તા. ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સાંજે ૬:૦૦ વાગ્યે બંટસ સંઘ મુંબઈ એનેક્સ, બંટારા ભવન, બંટારા ભવન માર્ગ, કુર્લા (પૂર્વ) ખાતે કરવામાં આવ્યું હતું.

(અનુસંધાન ૨૦મા પાને)

શ્રી વિમલ એસ્ટેટ-મુલુંડ
સિટી ઓફ જોય
3 BHK
2 પાર્કિંગ સાથે
વેચવાના છે.
98198 64456
81040 09694

ધર્મેશ પ્રોપર્ટી ઘેટીવાલા
2 BHK ફર્નિશ્ડ 1.65 કરોડ
3 BHK ઝવેર રોડ 3.29 કરોડ
3 BHK આરએચબી રોડ 2.65 કરોડ
1 BHK તાંબેનગર 89 લાખ
8169222044







Click Here

# થાણે રાસ-રંગ ૨૦૨૪ની ખેલૈયાઓ માટે થઈ રહી છે જોરદાર તૈયારીઓ





ઢોલ કિંગ્સ હનીફ-અસલમ અને ગુજરાતી સિંગર-કમ્પોઝર (ઉમેશ બારોટે આ વર્ષે કોપરી, થાણેના ઓક્ટ્રોય ગ્રાઉન્ડ પર આશર ગ્રુપ પ્રસ્તુત CREDAI - MCHI રાસ રંગ ૨૦૨૪માં ધૂમ મચાવવા માટેની તૈયારીઓમાં કોઈ કસર બાકી નથી રાખી. ખેલૈયાઓ અને સાથે જ ગરબા રસિકો માટે આ નવરાત્રિ એક જલસો બની જાય એ માટે જોરદાર તૈયારીઓ ચાલી રહી છે અને એ પણ મુંબઈના સૌથી મોટા યશરાજ ફિલ્સ સ્ટુડિયોમાં નવરાત્રિનાં રિહર્સલ કરવા માટે પરવાનગી મેળવનાર 'થાણે રાસ-રંગ' એકમાત્ર નવરાત્રિ છે.

હનીફ-અસલમની બેલડીએ ગયા વર્ષે પણ થાણે રાસ-રંગમાં ખેલૈયાઓને જલસો કરાવ્યો હતો અને આ વર્ષે સાથ મળ્યો છે ઉમેશ બારોટનો. ગુજરાતી ગીતો સાથે ધૂમ મચાવતા ઉમેશ બારોટ થાણે રાસ-રંગમાં ખેલૈયાઓને ગરબાનો અદ્ભૂત અનુભવ કરાવવા રિહર્સલ કરી રહ્યા છે.





આ વર્ષે સ્થળ નવું છે અને માટે જ જોશ પણ વધુ છે. વેન્યુ છે ઓક્ટ્રોય ગ્રાઉન્ડ, કોપરી થાણે. મુંબઈ તરફથી આવતી ગાડીઓ ટોલનાકાથી લેફ્ટ લઈ પહોંચી શકશે, જ્યારે કોપરીથી આવતી ગાડીઓ ટોલનાકા બાદ સર્વિસ રોડથી હરિઓમ નગર પહોંચી શકશે માટે હરિઓમ નગર અને ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે નજીક આવેલું હોવાથી આ ગ્રાઉન્ડ પર પહોંચવામાં ખેલૈયાઓને વધુ સરળતા રહેશે. ગ્રાઉન્ડ પર પાર્કિંગની વ્યવસ્થા છે સાથે બીજા બે ગ્રાઉન્ડ વેન્યુની બાજુમાં છે ત્યાં પણ પાર્કિંગની વ્યવસ્થા છે. તો થાણે અને મુંબઈકરો તૈયાર થઈ જાઓ શહેરની આ નવરાત્રિમાં ધૂમ મચાવવા.



# સેન્ટ્રલ રેલવેના પાટાઓ પર ભરાતા પાણી માટે જવાબદાર છે ભાંડુપ-નાહૂર વચ્ચેનું નાળું

બુધવારે રાત્રે પડેલા ધોધમાર વરસાદ વખતે ૪૫ ફીટની ગટરને પહોળું કરવાના ચાલી રહેલા કામને લીધે સેન્ટ્રલ રેલવે ત્રણ કલાક સુધી થંભી ગઈ હતી. ભાંડુપ અને નાહૂર રેલવે-સ્ટેશનની વચ્ચે આવેલા નાળાને પહોળું કરવાનું કામ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ કામને લીધે નાળાની પહોળાઈ ઓછી થઈ ગઈ છે એટલે વરસાદના પાણીનો નિકાલ નહોતો થઈ શક્યો. આથી ટ્રેક પર વરસાદનું પાણી ભરાઈ ગયું હતું અને ટ્રેનો અટકી પડવાથી ઘરે જવા નીકળેલા હજારો મુંબઈગરાઓ રઝળી પડયા હતા. બહારગામની ૩૫ ટ્રેનોને પણ આને લીધે અસર થઈ હતી.

ભાંડુપ અને નાહૂર સ્ટેશનની વચ્ચે ચોમાસામાં દર વર્ષે પાણી ભરાવાની સમસ્યા થાય છે એટલે અહીંના ૪૫ ફીટ પહોળા નાળાની પહોળાઈ ૯૦ ફીટ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત સેન્ટ્રલ રેલવેના છ ટ્રેકની નીચેનાં નાળાંઓમાં આસપાસ ચાલી રહેલા કામને લીધે કચરો અને માટી ભરાઈ જતાં ચોક-અપ થઈ ગયાં છે. આથી ચોમાસામાં પાણી ભરાઈ જાય છે.

આ ચોમાસામાં જુલાઈ મહિનામાં આ જગ્યાએ જ પાણી ભરાઈ ગયાં હતાં. આથી રેલવે અને બીએમસીના અધિકારીઓની કમિટી દ્વારા તપાસ કરવામાં આવી હતી. જોકે આ સમસ્યા વિશે અત્યાર સુધી કામ આગળ નથી વધ્યું. રેલવેના અધિકારીએ કહ્યું હતું કે ભાંડુપમાં પાણીનો નિકાલ કરવા માટે ચાર પમ્પ મૂકવામાં આવ્યા હતા. જોકે બુધવારે રાત્રે અહીં એટલું બધું પાણી હતું કે એને પમ્પથી પાણી કાઢવાનું કામ નહોતું થઈ શક્યું.



(Regd.No.E-2673-Kutch) ।। જય ગૌમાતા ।।

## શ્રી માઁ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ-નરા (કચ્છ)



ગૌશાળા જીવદયા કેન્દ્ર એવમ્ ગૌ મુક્તિધામ

પહેલી રોટી ગાય કી




ગૌ દાન એ મહાદાન

કાર્યસ્થળ : નરા-કચ્છ (વોણાર), દયાપર, હાજીપીર રોડ, તાલુકો-લખપત, કચ્છ. મુંબઈ ઓફિસ : ૨૭૯, સૈયા હાઉસ, ૧લે માળે, ભાત બજાર, મુંબઈ-૦૯.
મુલુંડ ઓફિસ : એ-૫, મોરેશ્વર ટાવર, એમ.જી. રોડ, સારથી હેલ્થકેરની સામે, મુલુંડ (વે.), મુંબઈ- ૪૦૦ ૦૮૦. (Office) : 8866297562

### પિતૃ પક્ષમાં ગૌ-સેવા એજ સાચું તર્પણ તા.૧૭-૯-૨૦૨૪ થી ૦૨-૧૦-૨૦૨૪

| અ.ક. | યોજના (૧ દિવસ માટે) | રકમ |
|---|---|---|
| ૧. | લાપસી - ૫ કિલો | રૂ.૨૫૦ |
| ૨. | લાપસી - ૧૧ કિલો | રૂ.૫૫૦ |
| ૩. | ગોળ - ૧૦ કિલો | રૂ.૫૦૦ |
| ૪. | ભૂસા - ૫૦ કિલો | રૂ.૧૦૦૦ |
| ૫. | ખોળ - ૫૦ કિલો | રૂ.૧૬૦૦ |
| ૬. | લીલા ઘાસચારાની ગાડીઓ ૩૨૦૦ કિલો | રૂ.૬૩૦૦ |



રખે ચૂકી જતાં!!!
પિતૃ અમાવાસ્યા
છેલ્લો દિવસ
પિતૃ ઋણ અદા કરવાનું

ગૌશાળા માટે અપાયેલ દાન માત્ર ગૌવંશ માટે જ વાપરવામાં આવશે.

| અ.ક. | યોજના (૧૬ દિવસ માટે) | રકમ |
|---|---|---|
| ૧. | લાપસી - ૨ કિલો | રૂ.૧૬૦૦ |
| ૨. | લાપસી - ૫ કિલો | રૂ.૪૦૦૦ |
| ૩. | લાપસી - ૧૧ કિલો | રૂ.૮૮૦૦ |
| ૪. | ભૂસા - ૫૦ કિલો | રૂ.૧૬૦૦૦ |
| ૫. | ગોળ - ૧૦ કિલો | રૂ.૮૦૦૦ |
| ૬. | ખોળ - ૫૦ કિલો | રૂ.૨૫૬૦૦ |

7977828383
GPay Paytm
Gpay/ Paytm Barcode Scan here
BANK HDFC (NIBHAV FUND)
BRANCH : DEVIDAYAL, MULUND (W)
A/C No. : 50100237778766 IFSC Code : HDFC0000652
SHREE MAA GROUP CHARITABLE TRUST NARA
આ સંસ્થાને અપાતી રકમ ઈન્કમ ટેક્સ કલમ ૮૦ જી (I.TAX 80G) મુજબ રાહત પાત્ર છે.

સનાતન ધર્મ પ્રમાણે કોઈપણ વ્યક્તિના સ્વધામ ગયા પછી ગૌદાન કરવાનું કહેવાય છે. આ ભાદરવા મહિનાનો વદ પક્ષ જેને આપણે પિતૃપક્ષ પણ કહી શકીએ, જેમાં આપણે સહુ યોગ્ય રકમ પિતૃ ઋણની નોંધાવી ગૌ ઋણ/પિતૃ ઋણ ચૂકવવા પાત્ર બનીએ. આપણી નરા ગૌ શાળા વિષે જણાવવાનું કે બિમાર અને લાચાર, લુલા, પાંગળા ગૌ વંશને નિરાધાર બનાવી ત્યજી દેવાયલા ગૌ વંશની મદદ કરતી સંસ્થા - **શ્રી માઁ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ, નરા ગૌશાળા અને જીવદયા કેન્દ્ર એવમ્ ગૌ મુક્તિધામ** ખરા અર્થમાં પાંજરાપોળ નહી પાંગળાપોળ છે, જયાં આવા નિરાધાર ગૌ વંશની સેવા ચાકરી, જતન અને રખોપાં થાય છે. તો આવો આવી સંસ્થામાં તમારો યથા યોગ્ય ફાળો નોંધાવી તમારા પિતૃના આત્માની સદ્ગતિ માટે તમારા ધનનો શ્રેષ્ઠ સદ્ઉપયોગ કરી ગૌ વંશને દાન અર્પણ કર્યાનો સંતોષ પ્રાપ્ત કરો. તમારા દીધેલા દાનનો સંપૂર્ણ સદ્ઉપયોગ થવાનો જ. અહીં સાથે આપેલ ટેબલ પ્રમાણે પિતૃ દીઠ, તિથિ દીઠ તમને યોગ્ય લાગે એવી રકમનું ગૌ દાન નોંધાવી શકો છો. ઓનલાઈન/ એનઈએફટી/ પેટીએમ/જીપે/ રોકડા પણ ફક્ત રકમ ટ્રાન્સફર કરતાં પહેલાં અહીં આપેલા નંબર અને નામ વાળા કોઈ પણ કારોબારી સભ્ય નો કોન્ટેક્ટ કરીને જણાવશો તો તમારા દાનની રસીદની વ્યવસ્થા થઈ શકે.

ટ્રસ્ટ બોર્ડ

| | |
|---|---|
| શ્રી ભરતભાઈ માવજી બારૂ (ઠક્કર) | મે. સ્થા. ટ્રસ્ટી (ચેરમેન) |
| શ્રી જયેશભાઈ ચાંપશી રૂપારેલ (જય અંબે) | (વાઇસ ચેરમેન) |
| શ્રી અશ્વિનભાઈ માધવજી ચંદન | (મંત્રી) |
| શ્રી રમેશભાઈ દેવચંદ બારૂ | (સહમંત્રી) |
| શ્રી કિર્તીભાઈ કેશવજી ઠક્કર (ઘેરાઈ) | (ખજાનચી) |

વધુ માહિતી માટે સંપર્ક

| | | |
|---|---|---|
| જયેશભાઈ રૂપારેલ (જય અંબે) | 9820063989 | (ટ્રસ્ટ બોર્ડ વાઈસ ચેરમેન) |
| હરેશ ગોવિંદજી આઈયા | 9821735859 | (કારોબારી પ્રમુખ) |
| કીર્તિ કેશવજી ઘેરાઈ | 9820047397 | (ટ્રસ્ટી-ખજાનચી) |
| જીગનેશ મુરલી દૈયા | 9322779933 | (કારોબારી મંત્રી) |
| વિજય ચોથાણી | 9324139498 | (કારોબારી સભ્ય) |
| પૂર્ણિમા ઠક્કર | 9967851535 | (મહિલા સમિતિ ઉપપ્રમુખ) |
| દક્ષાબેન ખોભડીયા | 9769997111 | (કારોબારી પ્રમુખ મહિલા સમિતિ) |
| દિપ્તી ઠક્કર | 8866297557 | (ઓફીસ સ્ટાફ) |

Click Here


NABH
WORLD HEART DAY 29 SEP
USSH
Upasani Super Speciality Hospital Private Limited
હેલ્થી હાર્ટ
મુંબઈ
સ્પેશ્યલ વર્લ્ડ
હાર્ટ ડે પર
યુએસએસએચની ખાસ ઓફર
2D Echo, ઈસીજી, કન્સલ્ટેશન
Actual Price Rs. 4700/-
Offer Price Rs. 1500/-
એન્જિયોગ્રાફી
Actual Price Rs. 19500/-
Offer Price Rs. 9999/-
(રૂા. ૨૦૦૦ની કિંમતની ઉપભોક્તા વસ્તુઓનો સમાવેશ થાય છે)
29th September to 5th October 2024 સુધી માન્યતા પ્રાપ્ત
*Terms & Condition Apply
ઓફરનો લાભ મેળવવા પૂર્વ-નોંધણી ફરજિયાત છે.
તમારા હૃદયની તંદુરસ્તની પ્રાથમિકતા આપો અને હંમેશા જ એપોઈન્ટમેન્ટ બુક કરાવો.
ઓફરનો લાભ મેળવવા મહેરબાની કરીને + 917400914 પર કોન્ટેક્ટ કરો એપોઈન્ટમેન્ટ ગોઠવો.
ઓફરનો લાભ લેવા એપોઈન્ટમેન્ટ/ પૂર્વ નોંધણી ફરજિયાત છે.
Upasani Super Speciality Hospital Pvt. Ltd.
Plot No.1109/1A Devi Dayal Cross Road, behind Fire Station, Mulund West, Mumbai, Maharashtra 400080
022 6681 4200
www.ussh.in
DOWNLOAD THE USSH APP


Click Here

# મુલુંડના કાલિદાસ ગ્રાઉન્ડ ખાતે પ્રેરણા રાસ ૨૦૨૪નું આયોજન

## ગુરુવાર તા.૦૩ ઓકટોબરથી શનિવાર તા. ૧૨ ઓક્ટોબર એમ એકમથી લઈને દશેરા સુધીના દસ દિવસ સુધી ખેલૈયાઓ મન મૂકીને નાચી શકશે

જ્યાં પરંપરા અને આધુનિકતાનો સુંદર સમન્વય સાધવામાં આવે છે તે પ્રેરણા રાસનું આ વર્ષે પણ ભવ્ય આયોજન થવા જઈ રહ્યું છે. મનોજ કોટકના માર્ગદર્શન હેઠળ આયોજક સમિતિ ''પ્રેરણા પરિવાર'' આ વર્ષે પણ નવા જોશ, નવી ઉમંગ અને નવા ઉત્સાહ સાથે પ્રેરણા રાસ ૨૦૨૪નું ભવ્ય આયોજન કરવા સુસજ્જ છે.

મુલુન્ડના કાલિદાસના વિશાળ ગ્રાઉન્ડ ખાતે ગુરુવાર તા.૦૩ ઓકટોબરથી શનિવાર તા. ૧૨ ઓક્ટોબર એમ એકમથી લઈને દશેરા સુધીના દસ દિવસ સુધી ખેલૈયાઓ તથા દાંડિયા ગરબા રસિકો મન ભરીને નવરાત્રોત્સવ મન ભરીને માણી શકે તે માટે આયોજન સમિતિની તૈયારીઓ લગભગ પૂરી થવાને આરે છે. પોતાની આગવી પરંપરાને આ વર્ષે પણ જાળવી રાખતા દરરોજ સાંજે સાત વાગે માતા અંબેની આરતી કરીને પ્રેરણા રાસ શરૂ કરવામાં આવશે.

રંગબેરંગી આકર્ષક લાઈટિંગથી ઝગમગતા વિશાળ સ્ટેજ પર

### દરરોજ મનભાવક અને આકર્ષક ઈનામોની વણઝાર

સંગીતની દુનિયામાં ''એમજે'' નામથી પ્રસિદ્ધ એવા વર્સેટાઈલ સિંગર મનિષ જોશી પોતાની સુમધુર ગાયકીનો જાદુ ચલાવશે, જ્યારે તેમના બેન્ડ ''સુર ધ સોલ'' ના બે ડઝન કરતાં વધુ મ્યુઝિશ્યનો સંગીતના સૂર રેલાવા તૈયાર છે. જેમણે પોતાની લોકગાયકી દ્વારા અપાર ચાહના મેળવી છે તેવા અષાઢી ગાયક નીરવ બારોટ, કોકિલ કંઠી ગાયિકા અર્પિતા ઠક્કર, કચ્છી કોયલ શ્રુતિ કલ્યાણી અને મખમલી અવાજના ધણી રાહુલ પુરેચા પણ તેમના સુમધુર અવાજમાં પ્રેરણા રાસના ચાહકોને થીરકાવશે. ગીત સંગીતના આ મહારથીઓ ભકિતગીતો, લોકગીતો તથા સુપ્રસિદ્ધ ગીતોની જોરદાર જમાવટ કરશે. આ ગીત સંગીતને કાલિદાસ ગ્રાઉન્ડમાં ઉપસ્થિત દરેક લોકો સુધી પહોચાડવા માટે ઉત્તમ અને લેટેસ્ટ સાઉન્ડ સિસ્ટમ પણ બેસાડવામાં આવી છે.

દરરોજ કોમ્પિટિશન રાઉન્ડ, આકર્ષક ઇનામોની વણજાર ઉપરાંત આરતી હરીફાઈ, સિનિયર સિટીઝન રાઉન્ડ, વિદ્યાર્થીઓ માટેનો રાઉન્ડ, કર્મકાંડી બ્રાહ્મણો દ્વારા માતાજીની મહાઆરતી જેવા

### મનોજ કોટકના માર્ગદર્શન હેઠળ આ વર્ષે પણ પ્રેરણા રાસનું ભવ્ય આયોજન

## ગુર્જરમાત રાઉન્ડ તા.૩,૪,૫ ઓક્ટોબર અને ફાઈનલ રાઉન્ડ સોમવાર તા.૭ ઓક્ટોબર ૨૦૨૪ના



દર વર્ષની જેમ આ વર્ષે પ્રેરણા રાસ ૨૦૨૪માં ગુર્જરમાત ગરબા રાસ કોમ્પીટીશન ગુરૂવાર, તા.૩ ઓક્ટોબર, શુક્રવારના તા.૪ ઓક્ટોબર, શનિવાર, તા.૫ ઓક્ટોબર ત્રણેય દિવસ ગુર્જરમાત રાઉન્ડ થશે. જેમાં ૯ કેટેગરીમાં વિજેતા જાહેર કરવામાં આવશે.

**૧) બેસ્ટ મેલ પ્લેયર**
**૨) બેસ્ટ ફીમેલ પ્લેયર**
**૩) બેસ્ટ ચાઈલ્ડ પ્લેયર (બોય)**
**૪) બેસ્ટ ચાઈલ્ડ પ્લેયર (ગર્લ્સ)**
**૫) બેસ્ટ પ્લેયર કપલ**
**૬) બેસ્ટ ડ્રેસ ચાઈલ્ડ પ્લેયર (બોય)**
**૭) બેસ્ટ ડ્રેસ ચાઈલ્ડ પ્લેયર (ગર્લ્સ)**
**૮) બેસ્ટ ડ્રેસ પ્લેયર મેલ**
**૯) બેસ્ટ ડ્રેસ પ્લેયર ફીમેલ**

આ ત્રણેય દિવસના દરેક કેટેગરીના વિજેતાઓનો ફાઈનલ રાઉન્ડ સોમવાર તા.૭ ઓક્ટોબર થશે.

આ કોમ્પીટીશન માટે ગ્રાઉન્ડમાં સ્પેશિયલ જગા રખાઈ છે તો આવો ગુર્જરમાત કોમ્પીટીશનનો પાર્ટ બનવા અને ઈનામ વિજેતા થવા માટે આમંત્રણ છે.

**સંગીતની દુનિયામાં ''એમજે'' નામથી પ્રસિદ્ધ મનિષ જોશી અને તેમની ઓર્કેસ્ટ્રા ટીમ ''સુર ધ સૌલ''ના બે ડઝન કરતાં વધુ મ્યુઝિશ્યનો ગીત સંગીતના સુર રેલાવશે**

વિશેષ આયોજનો માટે સુપ્રસિદ્ધ પ્રેરણા રાસમાં આ વર્ષે પણ આ વિશેષ અયોજનોની પરંપરા બરકરાર રાખવામાં આવી છે.

પ્રેરણા રાસના આ ભવ્ય આયોજન બાબતે પ્રેરણા પરિવારના માર્ગદર્શક મનોજ કોટકે જણાવ્યું કે, ''પ્રેરણા રાસે ફક્ત મુલુંડમાં જ નહીં પરંતુ આસપાસના વિસ્તારોના લોકોમાં પણ અપાર લોકપ્રિયતા મેળવી છે અને એટલે જ મુંબઈની શ્રેષ્ઠ નવરાત્રીમાં પ્રેરણા રાસે સ્થાન મેળવ્યું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રેરણા રાસમાં માતા અંબેની ભક્તિ કરવામાં આવશે અને પરંપરાની સાથે સાથે આધુનિકતાનો સુંદર સમન્વય સાધવામાં આવશે. પ્રેરણા રાસ ૨૦૨૪ના ભવ્યાતિભવ્ય આયોજન માટે પ્રેરણા પરિવાર કટિબદ્ધ છે.''

**અષાઢી ગાયક નીરવ બારોટ, કોકિલ કંઠી અર્પિતા ઠક્કર, કચ્છી કોયલ શ્રુતિ કલ્યાણી અને મખમલી અવાજના ધણી રાહુલ પોરેચા પોતાની આગવી શૈલી દ્વારા લોકગીતો અને સુપ્રસિદ્ધ ગીતોની જમાવટ કરશે**

**પ્રેરણા રાસ ૨૦૨૪ના સીઝન પાસ Book My Show અને કાલિદાસ ગ્રાઉન્ડ પરના ટિકિટ કાઉન્ટર પર ઉપલબ્ધ છે**




**Click Here**

# રોટરી ક્લબ ઓફ મુલુંડ હિલ્સ દ્વારા મુલુંડ રેલ્વે સ્ટેશનને AED અને CPR મશીન ભેટ અપાયા





રોટરી ક્લબ ઓફ મુલુંડ હિલ્સના ઉપક્રમે દાતા રંભા રમણ પરીખ પરિવાર દ્વારા મુલુંડ વેસ્ટ સ્ટેશનને હૃદય રોગની તાત્કાલિક સારવાર માટે જીવનરક્ષક એવા ઉપકરણો, ઓટોમેટેડ એક્સ્ટરનલ ડીફેબ્રિલેટર (AED) અને કાર્ડીઓપલ્મનરી રીસસીટેશન (CPR)નું દાન કરવામાં આવ્યું હતું. રોટરી ક્લબ ઓફ મુલુંડ હિલ્સના પ્રોજેક્ટ અંતર્ગત આ સાધનો રવિવાર, તા. ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૪ના સાજે ૪:૩૦થી ૫:૩૦ દરમ્યાન યોજાએલા એક કાર્યક્રમમાં મુલુંડ વેસ્ટ રેલ્વે સ્ટેશનને આપવામાં આવ્યા હતા. આ સમયે પીડીજી રોટેરીયન રાજેન્દ્ર અગરવાલ, એવેન્યુ ચેર રોટેરીયન ગિરીશ અગરવાલ, એવેન્યુ કો-ચેર રોટેરીયન ડો. અક્ષય મેહતા, પ્રેસિડેન્ટ RCMH રોટેરીયન રજનીકાન્ત પરીખ, સેક્રેટરી રોટેરીયન વિનોદ ચૌબે, રોટેરીયન ડો. પી.પી. રાધાક્રીશ્નન, રોટેરીયન હરકિશન શર્મા, રોટેરીયન શરત જૈન, રોટેરીયન ચંદ્રકાંત સુરી અને રોટેરીયન કૈલાશ સાતણેકર ઉપસ્થિત રહ્યા હતા. રોટેરીયન ડો. અક્ષય મેહતા અને ડો. મહેન્દ્ર ગુંગુર્ટેએ હાર્ટએટેક જેવી ઈમરજન્સી સમયે આ સાધનોનો ઉપયોગ કરીને અમૂલ્ય જિંદગી કેવી રીતે બચાવવી તેની તાલીમ (ટ્રેનિંગ) આપી હતી.


**Flats For Sale In Redwood, Mulund West**

**2.5 BHK**
Area - 1160 sq ft built up
Approx 930 Sq.ft carpet
Price - 2 Cr, Parking available

**1 BHK**
Area - 575 Sq.ft Built up
Approx 450 Sq ft Carpet
Price - 1.0 Cr,
Parking Not available

**2 BHK**
Area - 945 Sq ft Built up
Approx 725 Sq ft carpet
Price - 1.6 Cr, Parking available

9082041567
8928612125

**URGENTLY BACK OFFICE STAFF REQUIRED**
WE'RE HIRING
STAFF
staying at Thane, Mulund and Bhandup preferable.
Pareecha Stock Brokers Pvt. Ltd.
Dhairya Khatri : 86576 71355

**નારી સાડી (જોગેશ્વરી ઈસ્ટ)**
ઘરચોળા, બાંધણી, પટોળા, સેલા
50% ડિસ્કાઉન્ટ
M.8097987978
9820207332

**2 BHK Available For Sale Mulund West**
Neelam Senroof Society,
Carpet 800, 2 BHK,
Fully well furnished flat with Parking.
Available to see on request Interested people Please call on
9082041567
8928612125

**PART TIME JOB**
IN MULUND
A REPUTED MNC REQUIRE
Retired / VRS / House Wives / Senior Citizen to Start Second Innings
Age 30 to 70 Years
Earn Rs.30,000 to 1,00,000+
PF + Medical + Foreign Tour
Call: 98199 11819

**જૂનામાંથી નવુ + ક્રિએટીવ પિસ**
રોજનું નવું-નવુંને ટ્રેન્ડી પીસ પહેરવું ગમે છે પણ કબાટમાં ઘસારો બહું છે તો જૂનામાંથી નવું ઉથલપાથલ કરી નવું કંઈક બનાવીએ. સાડી, સેલા, બાંધણી બધામાંથી નવી સાડી, ચણિયા ચોલી, ઈન્ડો વેસ્ટર્ન બનાવડાવો. ડીઝાઈનર બ્લાઉઝમાં પરફેક્ટ ફીટીંગ ફીનીશીંગ સાથે રીઝનેબલ રેટની ગેરેન્ટી.
હેતલ શાહ
98210 59549



BUY 1 GET 1
FREE on Frames & Sunglasses
FREE EYE CHECKUP
by Qualified Optometrist
Bluesyes
Make Eye Care a Priority
+91 97695 82393
79770 11355
A-2/14, Pranav Commercial Plaza, M. G. Road, Near Shiv Sena Office, Mulund (W).
*Terms and Condition Apply. (Not For Contact Lenses & International Brands)

KDO
HEALTH



**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ**
**શ્રી અનંતનાથ ટ્રસ્ટ**
**શેઠ શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ**

**આમંત્રણ**

વધારાની સેવા સાથે અનંત ડાયગ્નોસ્ટિકનો નવા સ્થળે ઉદ્ઘાટનના આ શુભ અવસરે તમારી માનનીય ઉપસ્થિતિ માટે હાર્દિક આમંત્રણ આપીએ છીએ

**રવિવાર, તા.૬ ઓક્ટોબર ૨૦૨૪**
સમય : સવારે ૯.૩૦ વાગ્યે

શ્રી નયન અશોક ભેદા - ચેરમેન
શ્રી કુમાર બાબુભાઈ દંડ - મેનેજીંગ ટ્રસ્ટી

શ્રીમતી મનીષા ચેતન શાહ - સચિવ
શ્રી પારસકુમાર પદમશી મૈશેરી - ખજાનચી

ટ્રસ્ટી
શ્રી વિરેન્દ્ર ભવાનજી શાહ
શ્રી ચેતન મેઘજી મોતા
શ્રી વિજય વિસનજી સોની
શ્રીમતી રાજુલ ભદ્રેશ પટેલ
ડૉ. તારક ગુલાબચંદ શાહ
શ્રી રાજેશ રાયચંદ છેડા
શ્રી ગુલાબ કલ્યાણજી મૈશેરી
ડૉ. હેતલ તિલકચંદ નાગડા
ડૉ. હરિશ લાપસીયા

૪, શાંતિ હાઈટ્સ, મિરા શ્યામ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી, ડૉ. વોરા ડેન્ટલ ક્લિનિકની બાજુમાં, ગૌશાળા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.
માત્ર આર્શીવાદ....
91 88799 90987

Click Here

# ઈન્નર વ્હીલ કલબ ઓફ મુલુંડ દ્વારા પોલીસ ચોકીમાં વોટર કુલર બેસાડવામાં આવ્યું




ઈન્નર વ્હીલ કલબ ઓફ મુલુંડ દ્વારા તાજેતરમાં મુલુંડ-થાણા વેસ્ટ ચેકનાકા પાસેની મુલુંડ સાઈડની પોલીસ ચોકીમાં વોટર કુલર બેસાડી આપવામાં આવ્યું. વોટર કુલરનું ઉદ્‌ઘાટન મુલુંડ પોલીસ ચોકીના સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર અજય જોષી સાહેબના હસ્તે કરવામાં આવ્યું હતું. આ જગ્યા પસંદ કરવાનો હેતુ એ હતો કે આ જગ્યા પર પોલીસ સ્ટાફ, ઘણા ઓટો ડ્રાઈવર તેમજ સ્થાનિક જનતાને સ્વચ્છ અને સલામત પીવાનું પાણી મળી શકે. જે આરોગ્ય અને સુખાકારી માટે જરૂરી છે.

ઈન્નર વ્હીલના પ્રમુખ શ્રીમતી નૂતન ધુલ્લાએ એસ.પી.આઈ. અજય જોષીનો તેમજ પોલીસ ચોકીના સર્વે પોલીસોનો સાથ સહકાર બદલ તથા હાજર રહેલા સભ્યો પી.ડી.સી.ડૉ.કનકલત્તા સક્સેના, પી.પી.અનસુયાબેન શાહ, પી.પી.નયનતારા મહાજન, પી.પી.નીરૂ નાગીચા, પી.પી.તૃપ્તિ શાહ, પ્રિયા અગ્રવાલ, નીતા ચિત્રોડા તેમજ રોટેરીયન રાજેન્દ્રભાઈ ધુલ્લાનો આભાર માન્યો હતો.

એમ ઉપરોક્ત માહિતી પીઆરઓ પી.પી.અનસુયાબેન શાહે અખબારી યાદી દ્વારા જણાવેલ છે.

## શ્રી કચ્છી લોહાણા મહાજન ટ્રસ્ટ મુલુંડ દ્વારા ગરબા કલાસિસને અદ્‌ભૂત પ્રતિસાદ મળ્યો

સુપ્રસિદ્ધ ગરબા પ્રશિક્ષક સંજય સોની અને શીલા સોની દ્વારા નિઃસ્વાર્થ સેવા ભાવરૂપે જ્ઞાતિની બાળકીઓ, બહેનો માટે ગરબા કલીસાસનું આયોજન શ્રી કચ્છી લોહાણા મહાજન ટ્રસ્ટ-મુલુંડ દ્વારા કરાયું હતું. કલાસીસ આખા મહિના દરમ્યાન દર ગુરૂવાર અને શનિવારના મહાજનવાડીમાં લેવાયા હતા આ કલાસીસનો લાભ ૬ થી ૭૬ વર્ષ સુધીની ૨૦૦ જેટલી બાલિકાઓ, બહેનો અને મહિલાઓએ લીધો હતો. સંજય સોની અને શીલા સોનીએ સિદ્ધહસ્ત રીતે સૌને પ્રશિક્ષિત કર્યા હતા. જે બદલ ટ્રસ્ટ મંડળએ તેમનો આભાર માન્યો હતો.




## હાઈરાઈઝ બિલ્ડિંગ બનતા હોય એમાં મુલુંડ બીજા નંબરે

૨૦૦૮થી લઈને અત્યાર સુધી બૃહન મુંબઈ મહાનગર પાલિકા (મનપા) એ ૪૦ માળ કરતાં વધુ ઊંચાઈની કુલ ૮૦૯ ઈમારતો માટે મંજૂરી આપી દીધી છે. એમાં વરલી-લોઅર પરેલમાં ૧૦૪ ઈમારતો સાથે પહેલા નંબરે છે, જ્યારે ગુજરાતીઓનું માનીતું મુલુંડ ૭૯ ઈમારતો સાથે બીજા સ્થાને છે. એ પછી દાદર-માટુંગા ૭૦ અને મલબાર હિલ-નેપિયન સી રોડનો નંબર ૬૦ ઈમારતો સાથે ચોથો છે. જે પણ બિલ્ડર ૪૦ માળ કરતાં ઊંચાં મકાન બનાવવા માગતા હોય તેમણે બીએમસીની હાઇરાઇઝ કમિટીનું નો ઑબ્જેક્શન સર્ટિફિકેટ (NOC) લેવું પડે છે. આ કમિટીમાં એક્સપર્ટ છે જે એ ઈમારત બનશે તો એની ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને એન્વાયરમેન્ટ પર ઓવર ઑલ કેવી અસર પડશે એની ચકાસણી કરે છે. ૨૦૧૭ સુધી ૭૦ મીટરની હાઈટ સુધી હાઇરાઇઝ કમિટીની પરવાનગી લેવી પડતી હતી. જે ત્યાર બાદ ૧૨૦ મીટર સુધીની કરવામાં આવી હતી. હવે જે ઈમારતો ૪૦ માળ કરતાં ઊંચી બને છે તેમણે હાઇરાઇઝ કમિટીનું NOC લેવું પડે છે. મનપાનાજી સાઉથ વૉર્ડ કે જેમાં વરલી, પ્રભાદેવી, મહાલક્ષ્મી અને લોઅર પરેલનો વિસ્તાર આવે છે એમાં સૌથી ઊંચા ૨૦૦ મીટર અને હવે તો ૩૦૦ મીટરના ટાવરને મંજૂરી આપવામાં આવી છે. મોટા ભાગે જે બંધ થઈ ગયેલી ટેક્સટાઇલ મિલો હતી એની જગ્યાએ આ ટાવર ઊભાં કરાયાં છે. એની સરખામણીએ એની બાજુના જી નોર્થ વૉર્ડ (દાદર-માટુંગા) માં ૭૩ અને એફ નોર્થ અને એફ સાઉથ (સાયન-પરેલ-શિવડી-ચિંચપોકલી) માં ૭૪ હાઇરાઇઝ મકાનો માટે પરવાનગી આપવામાં આવી છે.








Click Here

# ભગવાનની પ્રસાદીમાં ભેળસેળ, ધાર્મિક આસ્થા પર કુઠારાઘાત




દવામાં,મસાલામાં, ઘીમાં, તેલમાં પણ ભેળસેળ ક્યાં નથી? નથી પકડાતું ત્યાં સુધી બધું શુદ્ધ છે, પકડાય કે અશુદ્ધ. તિરૂપતિના લાડુમાં ભેળસેળની વાતથી આખો દેશ ખળભળી ઊઠયો છે ને હિન્દુઓની આસ્થા પર કુઠારાઘાત થયો હોવાની બૂમરાણ થઈ છે. ભેળસેળ માત્ર તિરૂપતિ બાલાજીના લાડુમાં જ થઈ છે એવું નથી. પ્રસાદમાં ભેળસેળની બૂમ તો પ્રસિદ્ધ અંબાજી મંદિરમાંથીય ઊઠી હતી. એમાં પણ પ્રસાદમાં અપાતાં મોહનથાળના ઘીમાં ભેળસેળનો અવાજ ઊઠયો હતો. અશુદ્ધ ઘીના ૧૮૦ ડબ્બા પકડાયા હતા, પણ ઘીમાં શું હતું એનો રિપોર્ટ જાહેર થયો નથી. થોડા વખત પછી ઘીનાં ઠામમાં ઘી પડી રહ્યું છે. અત્યારે પણ પ્રસાદના મોહનથાળમાં ઘી જ વપરાય છે ને ભક્તો તે પ્રેમથી આરોગે પણ છે. હવે સરકાર જાગી છે ને ગુજરાતમાં અંબાજી સહિત પ્રસિદ્ધ મંદિરોના પ્રસાદની ચકાસણી થશે. ફૂડ અને ડ્રગ્સ વિભાગ રાજ્યનાં ૩૨ જેટલાં યાત્રાધામોના પ્રસાદની લેબોરેટરીમાં ચકાસણી કરશે. આ પ્રસાદની ચકાસણીમાં બાંધછોડ કોઈ પણ સ્તરે ન થાય તે અપેક્ષિત છે. તિરૂપતિનો પડઘો સુપ્રીમ સુધી પડયો છે, એટલે આનો નિવેડો આવે એમ બને, પણ ત્યાં સુધીમાં વિવાદ કેટલો ગૂંચવાશે એની કલ્પના જ કરવાની રહે છે.

દેશના સૌથી ધનિક તિરૂપતિ ભગવાનને નામે કરોડો આસ્થાળુઓની શ્રદ્ધા સાથે રમત થઈ છે ને એ બધું અગાઉની જગન મોહનની સરકાર દ્વારા થયું છે એવો આરોપ પણ હાલની નાયડુ સરકાર લગાવી રહી છે. દર વર્ષે હજાર કરોડથી વધુનું તો ભક્તો તરફથી દાન આવે છે. આટલા અમીર ભગવાનનાં મંદિરમાં પ્રસાદનો લાડુ, પૈસા આપ્યા પછી પણ, ગાયની ચરબીવાળો મળતો હોય તો હિન્દુઓને આઘાત લાગે એ સ્વાભાવિક છે. મંદિર તો ભેળસેળની વાતને નકારે જ છે, છતાં મંદિરનાં શુદ્ધિકરણનો ત્રિદિવસીય ઉપક્રમ પણ યોજવામાં આવ્યો.

રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે ભાજપ અને નાયડુ હિન્દુઓની આસ્થા સાથે રમત રમી રહ્યા છે. એ સાથે જ એવું ચિત્ર પણ ઉપસાવાઈ રહ્યું છે કે પૂર્વ મુખ્યમંત્રી જગન મોહન સરકારના સમયમાં આવી ભેળસેળની અવગણના થઈ રહી હતી. આ પહેલાં પણ તિરૂપતિ ટ્રસ્ટના ચેરમેન વાય.વી.સુબ્બા રેડ્ડી માટે વિવાદ થયેલ, પણ તે પોકળ પુરવાર થયેલો. ચંદ્રાબાબુને રસ એટલે વધારે છે કે તેઓ પોતાની મુસ્લિમ તુષ્ટિકરણની છાપ બદલીને હિન્દુ તરફી હોવાની છાપ ઊભી કરી શકે. નાયડુ સામે બીજી શંકા એ છે કે તેમણે ચરબી ને તેલ હોવાનો રિપોર્ટ તો જાહેર કર્યો, પણ એ ઘી સપ્લાય કરતી કંપનીનું નામ જાહેર નથી કર્યું. મંદિરને લાડુમાંથી જ ૬૦૦ કરોડની આવક થાય છે. એ ઉપરાંત દર્શન ટિકિટમાંથી ૩૪૦ કરોડ મળે છે. આ સ્થિતિ હોય તો મંદિરે પણ જરૂરી સ્પષ્ટતાઓ પ્રસાદ અંગે કરવાની રહે.

આ વિવાદમાં આંધ્ર પ્રદેશની આગલી અને હાલની સરકારો એક બીજાનું થાય એટલું ચીરહરણ કરવામાં પૂરી તાકાત લગાવી રહી છે. આની તપાસ ચાલશે, થોડાકની ધરપકડ થશે ને હકીકત બહાર આવ્યા વગર જ વાત ભુલાવી દેવામાં ન આવે તે મહત્વનું છે. ચંદ્રાબાબુ નાયડુ કેન્દ્રમાં ભાજપની સરકારના ટેકેદાર છે ને મુદ્દો ખૂબ મોટો તિરૂપતિના લાડુનો છે. આંધ્રમાં અગાઉ જગન મોહનની સરકારે નાયડુને જેલના સળિયા ગણાવેલા. હવે નાયડુનો વારો છે, જગનને સળિયા ગણાવવાનો. જગનના વખતમાં નંદિની બ્રાન્ડનું ઘી આવતું હતું. તે ભાવ ન પોષાતાં ડેરીએ વધુ ભાવ માંગ્યો. એ ભાવને મંજૂરી ન મળતાં નંદિની બહાર થઈ ગઈ. તે પછી જગન સરકારે ૩૨૦ના ભાવે ઘી ખરીદ્યું. સાધારણ ભાવ ૮૦૦નીઆસપાસ ચાલતો હોય ત્યાં કોઈ ૩૨૦ને ભાવે ઘી આપે તો તેની શુદ્ધિવિષે શંકા રહેવાની. જગન સરકાર પણ વાંકમાં તો હતી જ. કર્ણાટક કો-ઓપરેટિવ મિલ્ક ફેડરેશન ૫૦ વર્ષથી ટ્રસ્ટને રાહત દરે ઘી સપ્લાય કરતું જ હતું. દર છ મહિને ૧૪૦૦ ટન ઘી વપરાતું હતું. જુલાઈ ૨૦૨૩માં કંપનીએ ઓછા ભાવે ઘી આપવાની ના પાડી, તો જગન સરકારે પાંચ બીજી કંપનીઓને સપ્લાયનું કામ સોંપ્યું. એમાંની તામિલનાડુની એક કંપનીની ફુડસની પ્રોડક્ટમાં જુલાઈ, ૨૦૨૪માં ગરબડ પકડાઈ. ચંદ્રાબાબુને અહીં બાંય ચડાવવાની તક મળી ગઈ. એમણે ધડાકો કર્યો કે તિરૂપતિના લાડુમાં ભેળસેળ છે. તેમાં માછલીનું તેલ, ગોમાંસ અને પ્રાણીની ચરબીનું તેલ વપરાય છે. સત્તાધારી રાજકીય પક્ષો અને મીડિયાએ આ બાબતે હોબાળો મચાવતાં ગયા સોમવારે સુપ્રીમ કોર્ટે નાયડુને હિન્દુઓની આસ્થા સાથે રાજકારણ ન રમવાની ચીમકી આપી હતી.

# શ્રી કચ્છી લોહાણા મહાજન ટ્રસ્ટ મુલુંડ દ્વારા

## પરંપરાગત શારદીય નવરાત્રિ મહોત્સવનું આયોજન

શ્રી કચ્છી લોહાણા મહાજન ટ્રસ્ટ મુલુંડ દ્વારા દર વર્ષની પરંપરા પ્રમાણે આ વર્ષે શારદીય નવરાત્રિ મહોત્સવ ૨૦૨૪ ઉજવણીનું આયોજન તા.૩ ઓક્ટોબર ગુરૂવારથી તા.૧૨ ઓક્ટોબર શનિવાર સુધી ભવ્ય ભાવ સાથે કરાયું છે.

જેમાં આજે બુધવાર તા.૨ ઓક્ટોબર ભાદરવા વદ અમાવસ્યાના સાંજે ૭.૩૦ કલાકે ઘટસ્થાપના થશે. તા.૩ ઓક્ટોબર ગુરૂવારથી તા.૧૨ ઓક્ટોબર શનિવાર સુધી મા ભક્તિ, પૂજા અને આરાધના સાથે રાસ ગરબાની રમઝટ થશે. નવરાત્રિના દસેય દિવસ રોજ સાંજે ૭ કલાકે પૂજા પ્રારંભ, પ્રથમ આરતી રાત્રે ૮ કલાકે, ત્યારબાદ રાતે ૮.૧૫ થી ૧૦ સુધી રાસ ગરબાની રમઝટ અને દ્વિતીય આરતી રાતે ૧૦ કલાકે થશે.

આ ભક્તિ પર્વમાં સહભાગ લઈ મહાજનવાડીના પ્રાંગણમાં પધારવાનું ભાવભર્યું આમંત્રણ ટ્રસ્ટ મંડળ તરફથી અપાયું છે.

નવરાત્રોત્સવ દરમ્યાન ગુરૂવાર, તા.૧૦ ઓક્ટોબરના આરતી કોમ્પીટીશન રખાઈ છે, અષ્ટમીના હવન બાદ ૧૫૧ નિયાંણીનું પૂજન થશે. નવરાત્ર દરમ્યાન કોઈ એક દિવસ પૂર્વા ફાઉન્ડેશન મુલુંડ પૂર્વ દ્વારા સ્પે. ચાઈલ્ડને માટે વિશેષ રાઉન્ડ થશે. કુદરતની ઓછી કૃપા પામેલ આ બાળકો માતાજીની ભક્તિ કરી શકે એ માટે વિશેષ વ્યવસ્થા રખાઈ છે. આ દિવસે તેમના દ્વારા નિર્મિત ગીફ્ટ અને ડેકોરેશન આર્ટીકલસનું એક્ઝિબીશન કમ સેલનો સ્ટોલ રખાશે જેથી તેમની કલા-કારીગરીનો પ્રચાર-પ્રસાર થાય અને તેમને પ્રોત્સાહન મળે.

તા.૧૭ ઓક્ટોબર ૨૦૨૪, ગુરૂવાર, શરદપૂનમના દિવસે સત્યનારાયણની કથા બાદ સાંજે ૭ વાગે કોમ્પિટીશન રાઉન્ડ રખાશે જેમાં કોમન પ્રાઈસ ઉપરાંત વિજેતાઓને ઈનામથી નવાજાશે.

## મુલુંડ ગુજરાતી સમાજ દ્વારા આંતર સોસાયટી નવરાત્રિ ઉત્સવનું આયોજન

મુલુંડ ગુજરાતી સમાજ દ્વારા વિવિધ સમાજો વચ્ચે સંગઠનની ભાવનાને વધારે પ્રબળ બનાવવાના હેતુથી 'અખિલ મુલુંડ નવરાત્રી ઉત્સવ' ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું છે. આપણી સાંસ્કૃતિક પરંપરાને આગળ ધપાવવાના એક નમ્ર પ્રયાસ રૂપે દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રી ઉત્સવ સ્પર્ધાનું આયોજન કાર્યકારી પ્રમુખ રમેશભાઈ કોટકના માર્ગદર્શનમાં કરવાનું નક્કી થયું છે. આ આયોજનના કન્વીનર મહામંત્રી લાલજી સર, કો-કન્વીનર્સ મંત્રીઓ અલ્પેશ દેઢિયા અને સંજીવ જોશી રહેશે. મુલુંડ પીન કોડ ૮૦, ૮૧ અને ૮૨માના પારંપરિક ઉજવણી કરતાં નવરાત્રી મંડળો આ સ્પર્ધામાં સામેલ થઈ શકશે.

આ હરીફાઈ કેવી રીતે ઊજવવી એની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે. પરંપરા પ્રમાણે નવરાત્રીની ઉજવણી કરતી સોસાયટીઓને ફોર્મ સાથે માહિતી આપવામાં આવશે. ઉપરાંત અન્ય ઈચ્છુક સોસાયટીઓ પણ આમાં જોડાઈ શકે છે. નવરાત્રી બાદ પ્રમુખશ્રી શરદભાઈ પટેલની ઉપસ્થિતિમાં હોલની અનુકૂળતાએ યોજાનારા વિશિષ્ટ કાર્યક્રમમાં વિજેતા મંડળોને સર્ટિફિકેટ અને મોમેન્ટો આપવામાં આવશે. વધુ વિગત માટે સંપર્ક સૂત્રોઃ કન્વીનર મહામંત્રી લાલજી સર, સહ-કન્વીનર્સ મંત્રીઓ અલ્પેશ દેઢિયા અને સંજીવ જોશી રહેશે એમ અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### હરીશ ખોંભડીયા પ્રસ્તુત ઈર્શાદ ગઝલ કોર્નર...

જે એ કહે કોઈ ન વ્યસન હોવું જોઈએ,
કેવું અઘરું એનું જીવન હોવું જોઈએ.
ફુલોમાં કેમ શ્રેષ્ઠ છે ફુલો કપાસના,
એમાં છૂપેલું મારૂં કફન હોવું જોઈએ.
આમ જ નિભાવે પ્રેમને એવાય હોય છે,
એવું કશું નથી કે વચન હોવું જોઈએ.
જીવનમાં લાખ ઘટના બને છે, ભલે બને,
એમાંથી એક-બેનું મનન હોવું જોઈએ.
કોઈ અગમ્ય ડરથી ઉપડતા નથી કદમ,
બસ આટલામાં એનું સદન હોવું જોઈએ.
આવું સરસ ન હોય વાતાવરણ કદી,
કોઈની સાથે તારું મિલન હોવું જોઈએ.
પ્રેમાળ થઈને કોઈ શિખામણ દઈ શકે,
જીવનમાં એક એવું પતન હોવું જોઈએ.
આંસુ ઢળીને હોઠ પર આવી ગયા 'મરીઝ',
પીવાને માટે મારૂં રૂદન હોવું જોઈએ.



મરીઝ
સંકલન :હરીશ ખોંભડીયા

## ગાંધીજીની ૧૫૫મી જન્મજયંતિ નિમિત્તે મુલુંડમાં પ્રભાતફેરી

આજે બુધવાર, તા.૨ ઓક્ટોબરના રોજ ગાંધીજીની ૧૫૫મી જન્મજયંતિ નિમિત્તે મુલુંડમાં માજી નગરસેવક જગજીવનભાઈ તન્ના પ્રેરિત ૪૯મી પ્રભાતફેરી યોજાશે. સવારે ૧૦ કલાકે મુલુંડ (વે)માં પાંચ રસ્તા સ્થિત લિજ્જત પાપડથી આ પ્રભાતફેરી મુલુંડના રાજમાર્ગો પર ફરીને વિજય સોસાયટી ગાર્ડન, એસ.એલ. રોડ ખાતે સમાપન થશે. મહાત્મા ગાંધીજીની પ્રતિમા પર ભાવવંદના અને પ્રવચનોનો કાર્યક્રમ માતૃભાષા ગુજરાતી પ્રસાર મંચ દ્વારા યોજાશે. સંપર્ક લાલજી સર-૯૮૯૨૦૦૬૬૨૮

Click Here


17th Successful Year of Celebration
PRERNA EVENTS
PRESENTS
પ્રેરણા રાસ
૨૦૨૪
MANISH JOSHI & HIS BAND
◆ Nirav Barot ◆ Arpita Thakkar ◆ Shruti Kalyani ◆ Rahul Purecha ◆
3RD TO 12TH OCT 2024
KALIDAS GROUND, MULUND

Click Here



## ગોલ્ડન એજ ગ્રુપનો અઢારમો પ્રોગ્રામ યોજાયો

ગોલ્ડન એજ ગ્રુપ નો અઢારમો પ્રોગ્રામ તા. ૩૦ સપ્ટેમ્બર સોમવારના રોજ સાંજે ૪ થી ૬ દરમ્યાન વિકાસ સેન્ટર આર્ય નિવાસ ટ્રસ્ટ હોલમાં આયોજિત કરવામાં આવ્યો હતો જેમાં ૯૦ મેમ્બરો એ હાજરી પુરાવી હતી સમાજસેવક ભૂપેન્દ્રભાઇ ઠક્કર તેમજ બીપીનભાઈ પંચાલ અને ડો. કિંજલ દવે હોલિસ્ટિક હિલિંગ સેન્ટરના સંચાલક આવ્યા હતા તેમણે દરેક વ્યક્તિના લખાણ પરથી પ્રિટિકશન કેમ કરવું અને તેમાં સુધારો કરીને આપણી કમજોરીને કેવી રીતે દૂર કરવી તે વિશે વિસ્તારમાં શિખવાડ્યું હતું. નાસ્તા અને કોલ્ડ ડ્રીંક માટે ગોલ્ડન એજ ગ્રુપ સાથે ખુશાલભાઈ દેઢિયા, રમેશભાઈ ઠક્કર તેમજ ચંદ્રિકા બેન કામદાર સહયોગે આપ્યો હતો. કાલિદાસમાં મેઘધનુષના પ્રોગ્રામના પાસ ગોલ્ડન એજ ગ્રુપના મેમ્બરોને હિરાલાલભાઇ મૃગ તરફથી સ્પોન્સર કરવામાં આવ્યા.

## જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડનો પ્રોગ્રામ શરદોત્સવ

આગામી પ્રોગ્રામ શરદોત્સવ શુક્રવાર, તા.૨૫ ઓક્ટોબર ૨૦૨૪ રોજ સારસ્વત વાડી ખાતે રહેશે. એમ અખબારી યાદીમાં જયંતીભાઈ મૈશેરી (પ્રમુખ)એ જણાવેલ છે.

# નાહુરમાં બર્ડપાર્ક બનાવવાના પ્રસ્તાવનો વન્યજીવ નિષ્ણાતોએ વિરોધ કર્યો

પૂર્વ ઉપનગરના નાહુરમાં મહાપાલિકાના પ્લોટ ઉપર પક્ષીગૃહ (બર્ડ પાર્ક) ઊભું કરવાના પ્રસ્તાવનો વન્યજીવ નિષ્ણાતોએ વિરોધ કર્યો છે. અહીં પક્ષીગૃહ ઊભું કરવાના બદલે અત્યાવશ્યક સુવિધા ઉપલબ્ધ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું એવો મત નિષ્ણાતોએ વ્યક્ત કર્યો છે. નાહુર ગામના પ્લોટ પર પક્ષીગૃહ ઊભું કરવાની મહાપાલિકાની યોજના બાબતે રેસ્ક્યુઇંગ એસોસિએશન ફોર વેલ્ફેર (રો) નામની સ્વયંસેવી સંસ્થાના અધ્યક્ષ પવન શર્માએ મહાપાલિકાને સૂચના અને વાંધા રજૂ કર્યા છે.

મહાપાલિકા સાથે જ શર્માએ આ સૂચના અને વાંધાઓ જણાવતો પત્ર મુખ્યમંત્રી એકનાથ શિંદે અને મહાપાલિકા કમિશનર ભૂષણ ગગરાણીને મોકલ્યો છે. આ પત્રમાં તેમણે અહીં પક્ષીગૃહને બદલે પશુપક્ષીઓ બાબતની સમસ્યાઓના નિરાકરણ માટે પાયાભૂત સુવિધા ઉપલબ્ધ કરવી એવી માગણી કરી છે. વન્યજીવ બચાવ કેન્દ્ર, પ્રાણી જન્મ નિયંત્રણ કેન્દ્ર, પ્રાણી અનાથાશ્રમ, પ્રાણી સ્મશાનગૃહ જેવી બાબતો સમયની જરૂરિયાત છે અને આવી સુવિધાઓ પર ભાર મૂકવો જરૂરી છે એમ પત્રમાં જણાવવામાં આવ્યું છે. પક્ષીગૃહ કરતાં પ્રાણી અને પશુઓનું ધ્યાન યોગ્ય કેવી રીતે રાખી શકાય એના પર ભાર મૂકવો જરૂરી છે એમ પણ આ પત્રમાં જણાવવામાં આવ્યું છે. હાલમાં પશુ પક્ષીઓની દાણચોરી અને તેમના શિકારનું પ્રમાણ ઘણું વધ્યું છે એના પર નક્કર ઉપાય યોજના કરવાની જરૂર છે. એ સાથે જ પક્ષીઓ માટે પર્યાવરણનું સંતુલન કેવી રીતે સાધી શકાય એના પર ધ્યાન આપવું જોઈએ એવો મત 'રો'ના પવન શર્માએ વ્યક્ત કર્યો છે.

અત્રે નોંધનીય છે કે ભાયખલા ખાતે વીરમાતા જીજાબાઈ ભોસલે પ્રાણી સંગ્રહાલય અને વનસ્પતિ ઉદ્યાન (રાણીબાગ) માં જૂનો પક્ષી વિભાગ છે. આ વિભાગમાં દેશવિદેશના વિવિધ પક્ષીઓ છે. સંભવિત નાહુર પક્ષીગૃહમાં વિવિધ દેશના પક્ષીઓનો સ્વતંત્ર વિભાગ હશે. સંબંધિત વિભાગમાં જે તે દેશના પક્ષીઓ જોવા મળશે.







Click Here



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

જ્યોતિશ વિશારદ્ • વાસ્તુશાસ્ત્રી • જેમોલોજિસ્ટ

સમીર સેજપાલ : ૯૮૧૯૨૯૮૪૦૪ તા. ૨ ઓક્ટોબર - ૮ ઓક્ટોબર ૨૦૨૪

**મેષ (અ,લ,ઈ) :** હાલ તમારા કાર્યો આગળ વધતા ન હોવાનું લાગશે પરંતુ, આવનાર સમયમાં જીવનનો સંપૂર્ણ નક્શો બદલાઈ જવાની શક્યતા છે. ત્યાં સુધી હાથ પરના કાર્યો પાર પાડવા સખત પ્રયાસો કરતા રહેજો એવી મારી સલાહ છે. પરિવારમાં અચાનક ઊગ્ર દલીલ શરૂ થઈ જાય તો તમે એને શાંત પાડવાનું કામ કરજો, પરંતુ કોઈની તરફેણ કરવાનું રહેવા દેજો. ઘર્ષણ અને અથડામણ નિરર્થક છે એ વાત સૌના ગળે ઊતારવાનો પ્રયાસ કરો. તમે પોતાની શક્તિને કેમ આટલી ઓછી આંકો છો? જાત પર વિશ્વાસ રાખી આંતરિક શક્તિને બહાર લાવો અને તમારી ક્રિએટિવ ટેલેન્ટને ખીલવા દો, સમજ્યાને?

**વૃષભ (બ,વ,ઉ) :** વિખવાદ અને સંઘર્ષની સ્થિતિનો અંત આવતા તમે રાહત અનુભવશો. તમારી નજીકની વ્યક્તિના સ્વભાવ સાથે તમારો મેળ બેસતો નથી એટલે ઘર્ષણ થાય છે. આ મતભેદ અને મનભેદ ટાળવાનો પ્રયાસ કરો. જીવનમાં અણધાર્યા અને ઓચિંતા ફેરફાર માટે તૈયાર રહેજો. જોકે આ ફેરફારની તમને સીધી કે ખોટી અસર થશે, છતાં એમાંથી તમને ઘણું શીખવા મળશે. ઘણા સામાજિક પ્રસંગોમાં હાજરી આપવી પડશે. આથી મસાલાવાળો કે તળેલો ખોરાક લેવાનું ટાળજો. તમારી સલાહ એક મિત્રના ઘણા પૈસા બચાવી શકશે, એ મિત્રને વાસ્તવિક દૃષ્ટિકોણ અપનાવવા સમજાવો, યાત્રા-પ્રવાસની શક્યતા છે.

**મિથુન (ક,છ,ઘ) :** હાલ નિર્ણયો લેવાની ઘટના જીવનમાં મહત્વની બની રહેશે. સાચો નિર્ણય લેવાય એની કાળજી લેવાનો સમય છે. દૈવી શક્તિઓ સહાય કરવાના મૂડમાં છે. આથી લોન માટે અરજી કરો કે પગાર વધારા માટે રજૂઆત કરી શકો છો. પોતાની કાબેલિયત પુરવાર કરવા ઊતાવળે ભાગદોડ કરવાની જરૂર નથી. બિઝનેસ સાહસ માટે થોડો સમય થોભી જવાની ખાસ સલાહ છે. એક આકસ્મિક ભેટ મળી શકે છે. કોઈ નિકટના મિત્રને પ્રણય બાબતમાં તમારી સલાહ અને સહાયની જરૂર પડશે. મિત્રતા રાખો પણ વધુ પડતા લાગણીશીલ ન બનો. તબિયતનું ધ્યાન રાખો અને આહારમાં પ્રમાણ જાળવો, સમજ્યાને?

**કર્ક (ડ,હ) :** એક અત્યંત આકર્ષક ઓફર મળશે. તમારે એ સ્વીકારવી કે રિજેક્ટ કરવી એનો નિર્ણય કરવો પડશે. ભવિષ્યને નજર સમક્ષ રાખીને શાંતિથી વિચાર કરી લેવાની સલાહ છે. હાલની કોઈ સમસ્યા ભવિષ્યના પ્રોજેક્ટોમાં અડચણરૂપ બની શકે છે. જોકે તમે એનો ઊકેલ લાવી શકશો એમ દેખાય છે. નિકટની કોઈક વ્યક્તિ સાથે સમાધાન કરી લેવાની બાબત હાલ તમે વિચારી રહ્યા હો તો એ માટે પહેલ કરવામાં વાંધો નથી. ફાઈનેન્સ અને પરિવારના સભ્યોના ખર્ચની બાબતમાં ઘરમાં ચર્ચા થવાની શક્યતા છે. આ બાબતે સાચી દિશા મેળવવા જૂની ઘરેડમાંથી બહાર આવવું પડશે. અકસ્માતના યોગ છે.

**સિંહ (મ,ટ) :** તમારી મરજી મુજબ કામકાજ આગળ વધતું નથી એમ લાગ્યા કરે. લાગણીઓ ઘવાશે અને તમે સંયમ ગુમાવી બેસો એવી શક્યતા છે. ભૂતકાળના સંબંધો કે મિત્રોને અલવિદા કરીને ભવિષ્ય માટેના પાયાની રચના કરવાનો સમય છે. હાલ ધ્યેય સિધ્ધ કરવા સખત પરિશ્રમ કરવો પડશે. સંઘર્ષ કે દલીલોમાં ન ઊતરો, પણ જે સાચુ લાગતું હોય એને વળગી રહો એવી મારી સલાહ છે. કામકાજ કે બિઝનેસ સંબંધી પ્રવાસ કરવો પડશે. પરિવારમાં નવા મેમ્બરના આગમનની શક્યતા છે. યુવાનોએ અભ્યાસ માટે વધુ સમય ફાળવવો પડશે એમ દેખાય છે. પડવા-વાગવાથી ઈજાની સંભાવના છે.

**કન્યા (પ,ઠ,ણ) :** પારિવારિક સમસ્યાઓ ઉકેલવા હઠાગ્રહ છોડીને બાંધછોડની નીતિ અપનાવવી પડશે. જતુ કરવાનું વલણ અપનાવશો તો શક્તિનો પુષ્કળ વ્યય અટકાવી શકશો એમ જણાય છે. હાલ જીવનની કેટલીક ગુપ્ત બાબતોને જાહેર કરવાને બદલે એને ગુપ્ત રાખવાનું જ પસંદ કરો એવી મારી સલાહ છે. મહત્વની વ્યક્તિઓ સાથેની નવેસરથી થતી વાતચીત કરીઅર માટે ઘણી ઊપયોગી ઠરશે. ભવિષ્ય માટે રોકાણ કરવા યોગ્ય સમય છે. જે દસ્તાવેજ પર સહી કરવાના છો એનું શું પરિણામ આવશે એ બરાબર સમજી લેજો અને જરૂર પડે તો વિચારવા થોડો સમય પણ માગી લેજો.

**તુલા (ર,ત) :** કામનું અને અન્ય બાબતોનું ભારે દબાણ રહેશે. આથી મિત્રો કે પરિવારના મેમ્બરોને મળવાનું ટાળી રહ્યા છો એમ દેખાય છે. હાલના સમયમાં દૃષ્ટિકોણ સંકુચિત ન બનાવો અને વિશાળ દૃષ્ટિકોણ અપનાવો એવી મારી ખાસ સલાહ છે. હાલના વ્યસ્ત સમયમાંથી થોડોક આરામ મેળવશો તો સારા વિચારો પર ધ્યાન કેન્દ્રિત કરી શકશો એમ જણાય છે. દેશ કે વિદેશમાં વધુ અભ્યાસના સ્વપ્નને પૂર્ણ કરવા આગળ વધો. કોઈને પણ પૈસા ઊછીના આપવાનું ટાળજો. નવા કોન્ટ્રેક્ટ પર સહી સિક્કામાં થોડો વિલંબ થઈ શકે છે. ખર્ચ પર નિયંત્રણ રાખવાની વિશેષ સલાહ છે.

**વૃશ્ચિક (ન,ય) :** સંબંધોની બાબતમાં તમે વધુ પડતા આશાવાદી બની રહ્યા છો એમ દેખાય છે. આવી બાબતોમાં દિલનો નહી દિમાગનો ઊપયોગ કરતા શીખો એવી મારી સલાહ છે. એકાદ સર્જનાત્મક પ્રોજેક્ટને અમલમાં મૂકતા થોડો સમય લાગશે. જોકે એ પ્રોજેક્ટ ભવિષ્યમાં તમને નામ અને દામ બન્ને અપાવશે. શિખર પર કેમ પહોંચવું એનું પ્લાનિંગ તમે શરૂ કરી દીધું છે એ સારી વાત છે. હાલ ખુદ પર ભરોસો રાખી પ્રેરણાઓને અનુસરવાનો સમય છે. અવરોધ ઊભો કરે એવા લોકોની વાતો ન સાંભળો તો સારૂં. જીવનસાથીની શોધમાં લાગણીઓના પ્રવાહમાં તણાઈ જવાને બદલે પ્રેક્ટિકલ બનજો. માંદગીના યોગ છે.

**ધન (ભ,ધ,ફ,ઢ) :** લોકોના કામ માટે ભલે સમય ફાળવો, પરંતુ અન્ય લોકોની બાબતમાં વધુ પડતું માથુ ન મારશો. લાગણીઓથી દૂર ભાગવાને બદલે એને સમજવાનો પ્રયાસ કરો. પ્રણય જીવનમાં તમે પહેલ કરશો તો મૂંઝવણની સ્થિતિ દૂર કરી શકશો અને પ્રણયના સંબંધોને તમારી અપેક્ષા કરતા પણ વધુ ઊત્સાહપૂર્ણ બનાવી શકશો એમ દેખાય છે. આગામી થોડા સમયમાં તમારૂં દેવું ચૂકવી શકશો અને ફાઈનેન્સ સંબંધી મહત્વનો નિર્ણય લઈ શકશો. આળસુ પાર્ટનરથી છુટકારો મેળવવાનો આ યોગ્ય સમય છે. હાલ નાનકડુ રોકાણ મોટુ વળતર આપી જશે. ટૂંક સમયમાં જ એકાદ પ્રવાસ હાથ ધરવો પડશે.

**મકર (ખ,જ) :** જે માર્ગ પર આગળ વધી રહ્યા છો એમાંથી જરાય ચલિત ન થશો. આગામી થોડા દિવસ તમારી કોઈ પણ નબળાઈ જાહેર ન થઈ જાય એની કાળજી રાખજો. કોઈ વ્યક્તિ બદઈરાદાપૂર્વક ખોટી માહિતી તમારા સુધી પહોંચાડે એવી શક્યતા છે, સાવધ રહેજો. તમારી મહત્વની કોઈ માહિતી જાહેર ન કરવાની વારંવાર સલાહ છે. જો ભૂલથી પણ એમ કરશો તો લોકો એનો ગેરલાભ ઊઠાવશે એમ જણાય છે. આવકની નવી યોજના વિલંબમાં મુકાવાની શક્યતા છે. જોકે મોટુ જોખમ ઊઠાવ્યા વિના પૈસા ઈન્વેસ્ટ કરવાની યોગ્ય તક મળશે. પ્રવાસની યોજનામાં વિલંબની શક્યતા છે.

**કુંભ (ગ,સ,શ,ષ) :** કોઈ મોટી સમસ્યા વિના જીવન સરળતાથી અને ટોપ ગિયરમાં આગળ વધી રહ્યું છે. ભૂતકાળમાં અજમાવી ચૂક્યા હો એવા વિચારો અમલમાં મૂકતા રહેજો. મનના વિચારો ભલે વ્યક્ત કરો, પરંતુ સમજી વિચારીને શબ્દો પસંદ કરજો. તમારી પ્રેરણા પર શ્રધ્ધા રાખવાનો સમય છે. પૈસા કે ગ્રાન્ટના સ્વરૂપમાં અણધાર્યો લાભ મેળવી શકશો. તમારા પોઝિટીવ કર્મનું એ પરિણામ છે એ સમજીને ચાલજો. વિદેશથી ટૂંકમાં જ એક મિત્ર મળવા આવશે અને લાંબો સમય તમારી સાથે રોકાશે. શહેર બહાર પ્રવાસ કરશો તો લાભ મેળવી શકશો. અપરિણીત હો તો બોલતી વખતે વધુ આક્રમકતા ન દાખવો.

**મીન (દ,ચ,ઝ,થ) :** આગામી દિવસોમાં કોઈપણ પ્રકારના સંઘર્ષમાં ન ઊતરો. તમારા જિદ્દી અભિગમમાં પરિવર્તન લાવવાની ખાસ સલાહ છે. સમાધાન જરૂરી લાગતુ હોય તો સમસ્યાઓ પર ફરી વિચાર કરો. માત્ર મર્યાદાઓ ધ્યાનમાં લેવાને બદલે વિકાસ અને શક્યતાઓને નજર સમક્ષ રાખો. આમ કરવાથી જીવનમાં અદ્ભૂત પરિવર્તન આવશે. ઘરમાં નજીવુ સમારકામ કે રિ-ડેકોરેશન પાછળ ઘણો સમય આપવો પડશે એમ દેખાય છે. અનિવાર્ય ખર્ચાઓ વધી રહ્યા છે એના પર કન્ટ્રોલ રાખો. અપરિણીતો માટે લગ્ન કે સગાઈની શક્યતા છે. ખાસ મિત્રો માટે સમય ફાળવજો.

## શ્રી અંબિકા યોગ કુટિરના ફ્રી યોગ વર્ગ

શ્રી અંબિકા યોગ કુટિર થાણાની મુલુંડ (પ) શાખા દ્વારા રવિવાર તા.૬ ઓક્ટોબરના નવા યોગ વર્ગ શરૂ કરવામાં આવશે. બહેનો, ભાઈઓ તથા બાળકો (ઉમર વર્ષ ૮ની ઉપર) માટે વિનામુલ્ય પ્રવેશ સવારે ૬.૩૦ વાગે આપવામાં આવશે. વર્ગ ૧૨ રવિવારના સવારે ૭ થી ૯ના રહેશે. સ્થળ ગૌશાળા મ્યુનિસિપલ શાળા, ગૌશાળા રોડ, મુલુંડ (પ). સંપર્ક : ઉમેશ માણેક - ૯૮૩૩૧૩૫૫૦૨, મીનીતા ખુશવાહ - ૯૯૬૯૫૩૦૦૨૬.

## કિડની અને હાડકાં રોગ નિદાન કેમ્પનું આયોજન

તા.૫ ઓક્ટોબર શનિવાર સવારે ૧૦ થી બપોરે ૪ સુધી અનંત છાયા બિલ્ડીંગ આર. બી.મહેતા માર્ગ ઘાટકોપર પૂર્વ સ્થળે રાયચંદભાઈ ધરમશી અને કિરીટભાઈ લાપસીયા સંચાલિત કિડની અને હાડકાં રોગ નિદાન કેમ્પનું આયોજન કરાયું છે. આ કેમ્પમાં નિષ્ણાંત સર્જન ડૉ.રાજેશ ઠક્કર પોતાની સેવા આપશે.

કેમ્પમાં ભાગ લેવા ઈચ્છુક રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. જે માટે શ્વેતા લાલકા-૯૮૧૯૯૮૫૬૫૩ નો સંપર્ક કરવો.

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, મુલુંડ વિભાગ દ્વારા 'શાખા સંગમ' કાર્યક્રમનું આયોજન

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, મુલુંડ વિભાગની સર્વ શાખાઓનો કાર્યક્રમ 'શાખા સંગમ' રવિવાર, તા.૬ ઓક્ટોબરના સાંજે ૩:૪૫ વાગ્યે બારકુ પાટીલ મેદાન, મુલુંડ બસ સ્ટેશનની પાસે આયોજિત કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં અખિલ ભારતીય વિશેષ સંપર્ક વિભાગના સભ્ય રવિકુમાર અય્યર વક્તવ્ય આપશે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા સહુને વિનંતી કરવામાં આવી છે કે આ કાર્યક્રમમાં તેઓ સપરિવાર, મિત્રો સહિત ઉપસ્થિત રહે.

## આર્ટ ઓફ લિવીંગ વૈદિક ધર્મ સંસ્થાન દ્વારા ત્રિદિવસીય નવરાત્રી સેલિબ્રેશન

આર્ટ ઓફ લિવીંગ વૈદિક ધર્મ સંસ્થાન દ્વારા તા.૮ ઓક્ટો.મંગળવાર, તા.૯ ઓક્ટો. બુધવાર અને તા.૧૦ ઓક્ટો. ગુરુવારના શ્રી શ્રી રવિશંકર વિદ્યામંદિર, ત્રિમૂર્તિ માર્ગ, મુલુંડ વેસ્ટ મધ્યે નવરાત્રી સેલિબ્રેશન હોમ-હવન અને પૂજાથી કરાશે. જેમાં ૮ ઓક્ટો.ના સવારે ૮.૩૦ કલાકે મહાગણપતિ હોમ, નવગ્રહ હોમ અને વાસ્તુ શાંતિ હોમ, તા.૯ ઓક્ટોબરના સવારે ૮ કલાકે શ્રી રૂદ્ર હોમ અને તા.૧૦ ઓક્ટોબર સવારે ૭.૩૦ કલાકે શ્રી ચંડિકા હોમ કરાશે. જેમાં પૂજા, આરાધના અને દર્શનનો લાભ લેવા આમંત્રણ છે. વધુ માટે સંપર્ક જ્યોત્સના શાહ - ૮૦૮૨૧ ૩૫૧૩૫, ૯૩૩૭૫૯૮૮૧૪, ૯૯૩૦૭૫૪૫૪૨, ૯૮૨૦૨ ૭૪૦૯૦, ૯૯૩૦૩ ૩૦૧૮૬.

જ્યોતિષશાસ્ત્ર
૩૦ વર્ષોના વિશાળ અનુભવી મુંબઈના સુવિખ્યાત અને લોકપ્રિય જ્યોતિષ વિશારદ શ્રી સમીર સેજપાલ દ્વારા તમને મુંઝવતા તમામ પ્રશ્નો અંગે સ્પષ્ટ અને સચોટ માર્ગદર્શન તથા નિરાકરણ મેળવો.
સમીર સેજપાલ
(જ્યોતિષભાસ્કર, હોરાભૂષણ, જ્યોતિષરત્ન, જ્યોતિર્જ્ઞાતા, વાસ્તુશાસ્ત્રી)
મોબાઈલ : 98192 98404 (એપોઈન્ટમેન્ટ જરૂરી)

Click Here

# SEVEN ISLES INTERNATIONAL SCHOOL

SIIS

**CAMBRIDGE CURRICULUM**

NURSERY TO GRADE 10 IGCSE, AS AND A LEVELS







HAPPY NAVRATRI

HAPPY DUSSEHRA

## Prof.M. Ramachandran (Ramu Sir)

**STELARC COMMERCE CLASSES**

**Founder Chairman - Royal Educational Public Trust**

**SEVEN ISLES INTERNATIONAL SCHOOL**

**ADMISSION FOR THE ACADEMIC YEAR 2025-26 BEGINS from 12th October 2024.**

**Hurry up! Book Your Seats Soon!**

Cambridge Assessment International Education

Cambridge International School Affiliation No IN 854

**Contact School Office :**
**022-25633693**
**M : 7208178761**

**Email:** principal.sicis@gmail.com
**Website:** www.sevenisles.in

https://m.facebook.com/Seven-Isles-International-School-1737636266542224/

1114/2B, Sant Ramdas Marg, Beside Gagangiri Towers, Mulund(East), Mumbai - 400081.

Click Here

# સાંસદ સંજય પાટિલની સંસદની ગૃહનિર્માણ અને નાગરી વ્યવહાર સમિતિમાં સભ્ય તરીકે નિમણુંક થઈ



૧૮મી લોકસભામાં ભારત સરકારે વિવિધ ૨૪ સંસદીય સમિતિઓની રચના કરી સિનિયર સાંસદોના અધ્યક્ષ સ્થાને વિવિધ પક્ષોના સાંસદનો મેમ્બર તરીકે સમાવેશ કર્યો છે. જેમાં ઈશાન્ય મુંબઈના સંસદ સભ્ય સંજય દિના પાટીલની નિમણુંક લોકસભાની ગૃહનિર્માણ અને નાગરી વ્યવહાર સમિતિના સભ્ય તરીકે નિયુક્તિ કરાઈ છે.




# ભાજપા મુલુંડ વિધાનસભા ચૂંટણી પ્રમુખ અને સંયોજકપદે નરેશ ચંદારાણાની વરણી

મુલુંડ ભાજપાના વરિષ્ઠ કાર્યકર નરેશ ચંદારાણાની મહારાષ્ટ્ર ભાજપા દ્વારા મુલુંડ વિધાનસભા ચૂંટણી પ્રમુખ તેમજ મુલુંડ વિધાનસભાના સંયોજક તરીકે પણ નિયુક્તિ થઈ છે. શ્રી નરેશ ચંદારાણાએ ભારતીય જનતા પક્ષના ઉત્થાન માટે અનેક પ્રયાસો કર્યા છે. તોઓએ ઈશાન ભાજપાના અધ્યક્ષ તરીકે યશસ્વી કામગીરી બજાવી છે. મુલુંડ વિધાનસભા મંડળ અધ્યક્ષ તરીકેની પણ તેઓ ઉલ્લેખનીય કામગીરી બજાવી ચૂક્યા છે.



નરેશ ચંદારાણા



જીતેન્દ્ર પરબ



દિપક દળવી

આ ઉપરાંત મુલુંડ વિધાનસભા મહાયુતિ સમન્વયક તરીકે જીતેન્દ્ર પરબની નિમણૂંક કરવામાં આવી છે. તેઓ મુલુંડના માજી વિધાનસભ્ય સ્વ. વામનરાવ પરબના સુપુત્ર છે.

આ ઉપરાંત ભારતીય જનતા પાર્ટી મુંબઈના અધ્યક્ષ એડ. આશિષે શેલારએ ભારતીય જનતા પાર્ટી ઉત્તર પૂર્વ મુંબઈ (ઈશાન મુંબઈ)ના જિલ્લા અધ્યક્ષ પદે કાંજુરમાર્ગના ભાજપાના વરિષ્ઠ કાર્યકર દીપક દળવીની નિમણૂંકની કરી છે. હાલના જિલ્લા અધ્યક્ષ અશોક રાયની મુદત પૂર્ણ થતાં તેમના સ્થાને દીપક દળવીની નિમણૂંક કરવામાં આવી છે.

# નવેમ્બરથી હાઉસીંગ સોસાયટીની મેનેજીંગ કમિટી ઓનલાઈન ફરિયાદને જ પ્રતિસાદ આપશે

નવેમ્બર ૨૦૨૪થી કો-ઓપરેટિવ હાઉસીંગ સોસાયટીના મેનેજીંગ કમિટી મેમ્બર્સએ ડેપ્યુટી રજીસ્ટ્રારની ઓફિસની મુલાકાત લેવાની જરૂર રહેશે નહીં. તેના સ્થાને તેઓ મેમ્બરએ નોંધાવેલી ફરિયાદ પોર્ટલ સહકાર સંવાદ પર પોતાનો જવાબ નોંધાવી શકશે. સુનાવણી બાદ ડેપ્યુટી રજીસ્ટ્રાર શું આદેશ પાસ કરે છે તે પણ પોર્ટલ પર જોઈ શકાશે. આ નવી ગોઠવણને પગલે સ્ટેટ કો-ઓપરેશન ડિપાર્ટમેન્ટ પોર્ટલને અપગ્રેડ કરશે. હાઉસીંગ સોસાયટી મેમ્બર્સ ૨૩ કેટેગરીમાંથી તેમને લાગતી કેટેગરીમાં ફરિયાદ કરી શકશે. ઓનલાઈન ફરિયાદ ફાઈલ થયાના બે મહિનામાં તેનો નિકાલ લાવવો જરૂરી રહેશે. આને પરિણામે સોસાયટીની કમિટીને કારણ વગર પરેશાન કરતાં મેમ્બર્સને પરિણામે હેરાન થતાં સોસાયટીના પદાધિકારીઓ તેમજ કમિટી મેમ્બર્સને રાહત મળશે.








Click Here


JHUMEGI RAAT...
RAAS RANG KE SATH...
CREDAI-MCHI THANE
ASHAR PROMISES DELIVERED
Presents
THANE રાસ રંગ 2024
Powered By
aakshya realty
03-12 October 2024
7 PM to 10 PM
Bollywood Dhol King
Hanif Aslam
with
Umesh Barot
FIROZ LADKA
HELI MAJMUDAR
RUPALI KASHYAP
DRAVITA CHOKSI OBEROI
VENUE
OCTROI GROUND KOPRI THANE,
NEAR HARIOM NAGAR, EASTERN EXPRESS HIGHWAY, THANE (W)
SCAN HERE TO BOOK YOUR TICKETS
PASSES AVAILABVLE AT VENUE
SCAN FOR LOCATION
9322682010/ 8828802198
Tickets Available On bookmyshow
Follow us on: | www.raasrang.in
WE ENCOURAGE USING PUBLIC TRANSPORTATION
For Public Transport Get Down at Mulund (E) or Thane (E) Station.
While coming from Ghatkopar- Mulund use first two lanes of Toll Naka than take right.
Supported By
Media Partner
Door Partner
Live Telecast On
Outdoor Partner
Barter Partner
Radio Partner
Celebrity Casting
BXI
Radio City
BIG FM
ISHQ 104.8 FM
CastingVibe

**Click Here**

# મારા ડાયરીના થોડા પાનાં : 'ગાંધીજી અને તેમના વિચારો'





ગાંધી પર આજ સુધી એક લાખ કરતાં વધુ પુસ્તક છે. તેમના જન્મદિવસ ૨ જી ઓક્ટોબર રાષ્ટ્ર સંઘ વિશ્વ શાંતિ દિવસ તરીકે જાહેર કર્યો છે. આજે દુનિયાભરની વિદ્યાપીઠોમાં એના માટે સંશોધન ચાલી રહ્યું છે. હિન્દુસ્તાનની આઝાદી ચળવળમાં અહિંસક લડતનું કેટલું મહત્વનું યોગદાન હતું. ગાંધી માનતા હતા કે ભારતમાં અંગ્રેજોની ઉપસ્થિત એ એક માત્ર સામ્રજ્યવાદનું કારણ ન હોતું ગાંધી આર્થિક અને બૌધિક ગુલામીને સૌથી વધારે ખતરનાક માનતાં હતાં.

ગાંધીને પડકાર આધુનિકતા સામે નહી. આધુનિકતાના નામે ઉભી થઈ ગયેલી એક વિપનગામી આધુનિક (કહેવાતી) સભ્યતા સામે તેના માનવદ્રોહી અર્થતંત્ર અને રાજ્યતંત્ર સામે છે. લેખક ત્રિદીપ કહે છે તેમ વિલાયત આધુનિકતામાં 'સ્વસ્થડગ' માંડી ચૂકેલ છે. એવું ગાંધી માનતા નથી ગાંધીની ફરિયાદ જ એ છે કે ઈંગ્લેન્ડ અને યુરોપની આજની સભ્યતા સ્વસ્થતા ગુમાવી બેઠી છે અને તેથી ખોટા મારગે ચઢી ગઈ છે.

ગાંધી બતાવ્યું છે આધુનિકતાના પાયામાં વ્યક્તિ છે. વ્યક્તિને કેન્દ્ર સ્થાને મૂકતા દર્શનનું નામ આધુનિકતા પરંતુ વાસ્તવમાં આજે શું છે? વ્યક્તિ આજે ગોતી જડતી નથી અને વ્યક્તિની ગરિમા આજે ક્યાંય જોવા મળતી નથી. આજે તો કેન્દ્ર સ્થાને વ્યક્તિને બદલે છે ઉપભોગવાદ. પૈસો માનતી હીન પામર મનોદશા યંત્ર, યંત્રોની ઘેલછા, વિકાસ નામે માનવલક્ષી આંધળી દોટ અને આ બધાનો શિકાર બનીને માણસ આજે વીંઝાઈ પીંઝાઈ રહ્યો છે. ખરું જોતા ગાંધી માણસને અને માણસના કલ્યાણને અને તે પણ સર્વ માણસના કલ્યાણને જ તો કેન્દ્ર સ્થાને મૂકવા માંગે છે. માણસ હોવા પણ તે સાર્થક્યની એનવી વ્યાખ્યા આપે છે.

પ્રખ્યાત ચિંતનકાર નિર્મલ વર્મા 'પત્થર ઔર બહેતા પાની' પુસ્તકમાં કહેલ કે ગાંધીજીની ધર્મ નિરપેક્ષતા આ આધાર નહી હર ભારતીયની ધાર્મિક અસ્મિતાનો સ્વિકાર કરી દેશમાં રાષ્ટ્રીય ભાવનાને જાગ્રતા કરી હતી. હિન્દુત્વને કેન્દ્રબિંદુ રાખીને ઈતર ધર્મને સમ્માન કરવું જોઈએ. મને લાગે છે આપણા દેશમાં મુક્ત વિચારથી ઈતર ધર્મ અને સંપ્રદાયો સાથે મુક્ત વિચાર સૌહાર્દપણે



સંવાદના દરવાજા ખુલ્લા મુકવા નહી ત્યાર સુધી અવિશ્વાસ અને ભયની દિવાલ કાયમ ખુલ્લી રહે છે. કેટલી અદ્‌ભૂત વાત આઝાદ ભારતની ત્રણ સિધ્ધાંતો સ્વિકાર કરી એને આદર્શ લોકતંત્ર, સમાજવાદ અને ધર્મનિરપેક્ષતા આ સિધ્ધાંત બહેનવાલી પ્રાણધાર સુકી ગઈ છે. લોકતંત્ર નામ પર રાજસત્તા ઘમંડ અને તાનશાહી વહે છે.

કાકા કાલેલકર જણાવે છે. કેવા કેવા લોકો સહકારી તરીકે બાપુને મળ્યા પણ એમણે કદી ફરિયાદ કરી નહી. પાનાનો સારો ખેલાડી જે હોય છે તે લઈને રમે છે. હાથમાં ખરાબ પાના આવ્યા એવી ફરિયાદ કરતો નથી. એ કહે છે કે 'ગમે તેવા પાના આવે હું તો એ લઈને બરાબર રમતો રહેવાનો, રમત તોડવાનો નથી પોતાના આખા જીવનમાં બાપુજીએ ફરિયાદ કરી નથી કે ભગવાન મને આવા સાથીઓ શા માટે આપ્યા અથવા આવો દેશ કેમ આપ્યો? જે કાંઈ ભાગે આવ્યું. તેનો એમણે યોગ્ય તે ઉત્તમ ઉપયોગ કર્યા એવી અદ્‌ભૂત શક્તિ એમનામાં હતી. આટલા જુદા જુદા પ્રકારના લોકોને સાચવવા એમની પાસે મોટા મોટા કામ કરાવવા અને વળી સત્યનો દ્રોહ ક્યાંય ન થાય તે માટે સાવધ રહેવું એ કાંઈ નાની સૂની સિધ્ધિ નથી.'

લૂઈ ફિશર ગાંધીજી માટે લખેલ કે ચર્ચિલ, રૂઝવેલ્ટ, સ્ટાલિન, હિટલર, વુડરો વિલ્સન, લિંકન, નેપોલિયન વગેરે આજની ઈતિહાસની નામાંકિત વ્યક્તિઓના હાથમાં રાજ સત્તા હતી. રાજસત્તા વિના લોક માનસ સ્પર્શ કરી શકી હોય એવી ગાંધીજીની કોટિમાં મૂકી શકાય એવી બીજી વ્યક્તિઓમાં કાર્લ માર્કસ મૂકી શકાય. વ્યક્તિઓના અંતરને ગાંધીજી જેટલા જબરદસ્ત પ્રભાવ ભરી દેતી વ્યક્તિઓની શોધમાં તો આપણે સદીઓ પહેલામાં પહોંચી જવું પડે. પહેલાના જમાનામાં એમના જેવા પુરૂષો પયગંબરો કહેવાતા. ગાંધીજીએ બતાવી આપ્યું છે કે.

ઈસુના, ઈસાઈ સંતોના, બુધ્ધના, હિબ્રૂ પયગંબરોના ગ્રીક ફિલસૂફ અધ્યાત્મવાદી સિદ્ધાંતો આજના યુગમાં ને આજની રાજનીતિમાં પણ વ્યવહારમાં લાવી શકાય છે. ગાંધીજી ઈશ્વર અને ધર્મ વિશેના ઉપદેશનો તા કરતા એ તો વ્યવહારની ધર્મ ઉપદેશ હતા. જે જમાનામાં સત્તા ધન અને અહંના વિધ્વસંક પ્રભાવની સામે ટકી રહેનાર નહિંવત છે તે જમાનામાં ગાંધીજી મહાન પુરૂષ થઈ ગયાં.

ઝૂંપડીમાં એ અર્ધથીય વધારે નગ્ન અવસ્થામાં બેઠા હતા એ અવસ્થા શ્રધ્ધાજનિત ભય પ્રેરે એવી એમને ચમત્કારી પુરૂષ માનવા મન થાય એવી તો જ હતી. એ હતા આ પૃથ્વી પરના પાર્થિવ માનવી. તેઓ જાણતા હતા કે જીવનની નાની નાની બાબતોમાં એ જીવનનું રહસ્ય સમાયેલું હોય છે. ગાંધી કહે છે કે માનવ જાતને માટેના મારા કદી મટી ન શકે એવા પ્રેમમાંથી મારા બધા કાર્ય નીપજે છે. સગાંવહાલા ને પારકાના દેશ બાંધવોને પરદેશના, ગોરા રંગવાળાના, હિંદુ અને મુસલમાન, પારસી, ઈસાઈ કે યહૂદી એવા બીજા ધર્મના હિંદુઓના ભેદ મેં જાણ્યા નથી. હું એમ કહું કે એવા કોઈ ભેદ કરવાને મારું દિલ અસમર્થ છે. ઈશ્વરના પ્રાર્થના સાથેની લાંબી સાધનાના ફળરૂપે ચાલીસથી વધારે વરસોથી કોઈનોયે દ્વેષ કરતો હું મટી ગયો છું. ગાંધીજીની કહાણી આધારે (પુસ્તક આધારે) ગાંધીજી વિચારો અને એમનો કર્તવ્ય તમે દૃષ્ટિ જોવો તમે ગુંચવાઈ જાશો. ગાંધી વિવિધ નજરે તો ગાંધીજી ન અસ્મિતા તમે સમજી શકશો એટલા માટે આલ્બર્ટ આઈસ્ટન કહેતા હતાં ભવિષ્યમાં રખે, લોકો ન માને ગાંધી જેવો માણસ આ પૃથ્વી જન્મયો હતો?

# વિચારપૂર્વક આહાર લેવાની શક્તિઃ બહેતર સ્વાસ્થ્યનો માર્ગ



## સ્વાસ્થ્ય સુધા

લેખક
રીટા જૈન
9819070772
DIETICIAN
(Msc. In food science and diatetics), specelization in Diebeties educator, yoga and wellness coach.

આજના ઝડપી વિશ્વમાં, આપણામાંના ઘણા લોકો આવેગવશ અથવા વિચલિત થઈને ખાવા માટે દોષિત છે, જેઓ ઘણીવાર વધારે પડતા આહાર અને સ્વાસ્થ્યને હાનિકારક ખોરાકની પસંદગી કરી બેસે છે. વિચારપૂર્વક આહાર (માઇન્ડફુલ ઇટિંગ) એ એક એવો અભિગમ છે જે આપણાઆહારની આદતો અને તેની સંવેદનાઓ પ્રત્યે જાગૃતિને અનેવધુ સારા સ્વાસ્થ્ય અને સુખાકારીને પ્રોત્સાહન આપે છે.

માઈન્ડફૂલ આહારમાં ખોરાક લેતી વખતે ક્ષણમાં હાજર રહેવું, ખોરાકના સ્વાદ, રચના અને સુગંધ પર સંપૂર્ણ ધ્યાન આપવું અને ભૂખ અને પેટ ભરાઈ જવાના એટલે કે ભોજનની પૂર્ણતાના સંકેતોને ઓળખવાનો સમાવેશ થાય છે. તે આપણે શું અને કેવી રીતે ખાઈએ છીએ તેના વિશે અને પ્રતિબંધિત આહાર (restrictive dieting)માંથી ધ્યાન હટાવી વિચારશીલ પસંદગીઓ કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. સંશોધનોએ દર્શાવ્યું છે કે માઇન્ડફુલ આહાર અતિશય આહાર ઘટાડવામાં, વજનને નિયંત્રિત કરવામાં અને પાચનમાં સુધારો કરવામાં મદદ કરી શકે છે.

માઈન્ડફુલ આહાર લેવાની ટેવ આપણા ખોરાક સાથેના તંદુરસ્ત સંબંધને પણ ઉત્તેજન આપી શકે છે. ભોજનને માત્ર એક કાર્ય તરીકે જોવાને બદલે, માઈન્ડફુલ આહાર લેનારાખોરાકના પોષક મુલ્યોની પ્રશંસા કરીને તેમના ખોરાકનો સ્વાદ માણવાનું શીખે છે. પરિણામે, તેઓ આરોગ્યપ્રદ પસંદગીઓ કરે તેવી શક્યતા વધુ હોય છે, જેમ કે પ્રોસેસ્ડ વિકલ્પો કરતાં પોષક તત્ત્વોથી ભરપૂર, સંપૂર્ણ સંતુલિત ખોરાક પસંદ કરવો.

માઇન્ડફુલ આહારનું એક મુખ્ય પાસું ખોરાકના પ્રમાણ પર નિયંત્રણ છે. આપણા શરીરની કુદરતી ભૂખના સંકેતોને ઓળખીને, આપણે વધુ પડતું ખાવાનું ટાળી શકીએ છીએ, જે સ્થૂળતા અને તેનાથી સંબંધિત સ્વાસ્થ્ય સમસ્યાઓનું સામાન્ય કારણ છે. તે આપણનેશરીરને લાગતી સાચી ભૂખ અને ભાવનાત્મક લાલચ વચ્ચે તફાવત કરવામાં પણ મદદ કરે છેઅને ફક્ત તણાવ અથવા કંટાળાને કારણે ખાવાની વૃત્તિને ઘટાડે છે.

રોજિંદા જીવનમાં માઇન્ડફુલ આહારનો સમાવેશ કરવા માટે બહુ મોટા ફેરફારો કરવાની જરૂર નથી. ભોજન દરમિયાન થતા વિક્ષેપો (distractions)ને દૂર કરીને, ધીમે ધીમે ચાવવાથી અને દરેક કોળિયા પર ધ્યાન કેન્દ્રિત કરીને પ્રારંભ કરો. સમય જતાં, આ ટેવ પાચનમાં સુધારો, સંતોષમાં વધારો અને એકંદરે બહેતર આરોગ્ય તરફ દોરી શકે છે. તેથી, થોડો સમય કાઢો, ઊંડો શ્વાસ લો અને તમારા આગામી ભોજનનો સ્વાદ માણો - તમારૂં શરીર અને મન તમારો આભાર માનશે.

માઈન્ડફૂલ આહાર અપનાવીને, આપણે લાંબા સમય સુધી સ્વાસ્થ્ય લાભોને પ્રોત્સાહન આપી શકીએ છીએ અને ખોરાક સાથે સંતુલિત સંબંધનો આનંદ લઈ શકીએ છીએ.

Click Here



૨ જી ઓક્ટોબર બુધવાર
ગાંધી જન્મજયંતિ નિમિત્તે
ગાંધીના અહિંસક ચળવળના સહયોગી
ડો. રામમનોહર લાહિયા
મહાત્મા ગાંધી
જયપ્રકાશ નારાયણ
શત શત નમન
:: સૌજન્ય ::
• શ્રીમાન ચંદ્રકાત વલ્લભજી ગોગરી
• શ્રીમતી જયા ચંદ્રકાંત ગોગરી
• શ્રીમાન દામજી માણેક ગડા
• શ્રીમતી દીના દામજી ગડા


Click Here

શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ
(દરિયાસ્થાન) દ્વારા
નવરાત્રીના પાવન પ્રસંગે માતાજીની પ્રસાદી રૂપે
"રઘુવીર પરિવાર" ને હાથે શણગારેલ "ગરબા"
જ્ઞાતિની "નીયાંણીઓ" ને નિ:શુલ્ક ભેટ
નવરંગી "ગરબા" વિતરણ
તિથિ: બુધવાર, તા: ૨.૧૦.૨૦૨૪
સમય: સાંજે ૬ થી ૮ વાગ્યા દરમ્યાન
સ્થળ:
"રઘુવીર ફાઉન્ડેશન"
"ચોઈસ" અંબે સાગર ટાવર
ભક્તિ માર્ગ, મુલુંડ - વે.
વહેલા તે પહેલા


- સંયોજક -
હેતલ નીતિન ઠક્કર - પાંધી
શ્વેતા ભાવિક તન્ના - છાયા રાજેશ ધીરાવાણી
જ્યોતિ વિપુલ ઠક્કર - નેહા નિલેશ ચંદન
ભાવના કૌશિક ઠક્કર - મમતા મયુર સોતા
ભાવના કીર્તિ ઘેરાઈ - ડિમ્પી અભિષેક તન્ના
ગૌરી પંકજ ઠક્કર - અવની કલ્પેશ ઠક્કર
નિધિ ની.જોબનપુત્રા - નયના રા .ઠક્કર
ભાવના દિલીપ સોમૈયા - ખુશ્બુ ગણાત્રા
જીજ્ઞા જીજ્ઞેશ માખેજા - ભવ્ય ધિરવાણી
દિપાલી મેહુલ રૂપારેલ - ખુશી મયુર સોતા

જય જુલેલાલ પ્રમુખ - સેવક જય રઘુવીર
નીતિન ગોદાવરીબેન ગંગારામ ઠક્કર - પાંધી

# કાપુરબાવડી થાણાથી માતાના મઢ જતાં સાઈકલ સવાર યાત્રિકનું વાપી ચાર રસ્તા પાસે હાર્ટએટેક આવતા મૃત્યુ થયું



થાણેના કાપુરબાવડીના આશાપુરા મંદિરથી કચ્છના આશાપુરા માતાના મઢ પર સાઇકલ પર યાત્રાપ્રવાસે જઈ રહેલા કચ્છી રાજગોર સમાજના યુવક ધુમ્રપાન, હાઈ બી.પી. કામના તણાવને લીધે ૩૬ વર્ષના ધર્મેશ મોતા (જોષી)નું વાપીના ચાર રસ્તા પાસે હાર્ટ-અટેક આવવાથી મૃત્યુ થયું હતું. આ બનાવથી માતાજીના મઢમાં જતા ભાવિકોમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. ધર્મેશ અને તેના અન્ય ત્રણ સાથીદારો તા.૨૬ સપ્ટેમ્બર ગુરૂવારે સવારે થાણેના કાપુરબાવડીથી સાઇકલ પર યાત્રાપ્રવાસે નીકળ્યા હતા.

થાણેમાં ગાર્મેન્ટ્સનો બિઝનેસ કરતા ધર્મેશના અચાનક થયેલા મૃત્યુની માહિતી આપતાં તેની સાથે આશાપુરા માતાના મઢ માટે નીકળેલા તેના મિત્ર મનીષ જોષીએ જણાવ્યું હતું કે 'ધર્મેશ બે વર્ષથી સાઇકલ પર આશાપુરા માતાના મઢ પર દર્શનાર્થે જતો હતો. આ વખતે હું ધર્મેશ દીપ મીઠિયા અને સુરેશ જાડેજા અમે ચાર મિત્રોએ ગુરુવારે સવારે સાત વાગ્યે માતાજીની આરતી કરી ૮.૧૫ વાગ્યે માતાજીના આશીર્વાદ લઈને સાઇકલ પર યાત્રાની શરૂઆત કરી હતી. હું છેલ્લાં ૧૧ વર્ષથી આશાપુરા સાઇકલ પર મઢનાં દર્શને જઉં છું. અમારા ચાર મિત્રોમાં એક મિત્ર પહેલી વાર આ યાત્રાપ્રવાસમાં જોડાયો હતો. ધર્મેશ અને તે મિત્ર ધીમે સાઇકલ ચલાવતા હતા. તેઓ વચ્ચે-વચ્ચે થાકી પણ જતા હતા. આમ અમે વાપીના ભાનુશાલી સમાજના કેમ્પથી અડધો કિલોમીટર જ દૂર હોઈશું ત્યારે ધર્મેશે તેની સાથે રહેલા અમારા મિત્ર પાસે પીવાના પાણીની માગણી કરી હતી. તે મિત્રએ તેને પાણી આપ્યું હતું અને તેના માથા પર પણ થાક ઉતારવા માટે પાણી નાખ્યું હતું, પરંતુ તેની સામે જ ધર્મેશ ઢળી પડયો હતો. તરત જ તેની સાથે રહેલો ભાનુશાલી મિત્ર તેને હોસ્પિટલમાં લઈ ગયો હતો. તેણે નજીકના જલારામબાપાના કેમ્પના સંચાલકો તથા ભાનુશાલી સમાજના અને અમારી સાથેના સ્વયંસેવકોને જાણકારી આપી હતી. ધર્મેશને હોસ્પિટલમાં ત્યાંના ડોક્ટરોએ મૃત જાહેર કર્યો હતો. આ સમાચાર મળતાં મીરા રોડથી રાજગોર સમાજના અગ્રણીઓ ધર્મેશના મૃતદેહને લેવા વાપી પહોંચી ગયા હતા. ધર્મેશના પરિવારમાં માતા, પત્ની અને છ વર્ષનો પુત્ર છે.



## બૃહન્મુંબઈ નાગરી સહકારી બેંક્સ એસોસિએશન દ્વારા.. (પાંચમા પાનેથી ચાલુ)

આ પ્રસંગે અરિહંત કો-ઓપરેટિવ બેન્કના અધ્યક્ષ યશોધન કારાણી, ઉપાધ્યક્ષ ડોલર શાહ, મુખ્ય કાર્યકારી અધિકારી અશોક સાવળકર તેમ જ બેંકના અન્ય સંચાલકો ઉપસ્થિત હતા.



બૃહન્મુંબઈ નાગરી સહકારી બેંક્સ એસોસિએશન દ્વારા તેની સભાસદ બેંકો માટે ઈ.સ. ૨૦૨-૨૦૨૪ના અહેવાલ અને કામકાજના સંદર્ભમાં સ્પર્ધા આયોજિત કરી હતી. આ સ્પર્ધામાં સભાસદ બેન્કોના ૨૫૦ કરોડ રૂપિયા સુધીનો વ્યવસાય ધરાવનારી બેંકો, ૨૫૧ કરોડથી ૧૦૦૦ કરોડ રૂપિયા સુધીનો વ્યવસાય ધરાવનારી બેંકો, ૧૦૦૧ કરોડથી ૫૦૦૦ કરોડ તેથી વધુ રૂપિયા સુધીનો વ્યવસાય ધરાવનારી બેંકો, પગારદાર કર્મચારીઓની બેંકો અને રીઝર્વ બેંકના સર્વસમાવેશક નિર્બંધમાંથી બહાર પડનારી બેંકો એમ કુલ પાંચ વર્ગ રાખવામાં આવ્યા હતા. એમાંથી શ્રી અરિહંત કો-ઓપરેટિવ બેંકને ૨૫૧ કરોડ રૂપિયાથી ૫૦૦ કરોડ રૂપિયા સુધીનો વ્યવસાય ધરાવનારી બેંકોના વર્ગમાં શ્રેષ્ઠ બેંક તરીકેનો પ્રથમ પુરસ્કાર મળ્યો હતો. આ પ્રતિષ્ઠિત પુરસ્કાર મેળવવા બદલ શ્રી અરિહંત કો-ઓપરેટિવ બેંકના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, મુખ્ય કાર્યકારી અધિકારી અને સર્વ સંચાલકો પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

Click Here

## અર્હમ યુવા સેવા ગ્રુપ, મુલુંડ દ્વારા સંસ્કારો સંરક્ષણનો પ્રયાસ





આજના ડિજિટલ યુગમાં ઘણાં સંસ્કારો ભૂલાતા જાય છે ત્યારે રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી મુલુન્ડ અર્હમ યુવા ગ્રુપ દ્વારા નવભારત સ્કૂલ મધ્યે ગૌમાતા માટે રોટી બેંક ચાલુ કરવામાં આવી છે. જેમાં સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા પોતાના ઘરેથી તાજી બનાવેલી રોટલી મૂકવામાં આવશે, જેનાથી બાળક રોજ ઘરે પોતાની માતાને કહેશે કે મમ્મી ગાયની માટે રોટલી આપો. જેથી તે બાળકમાં નાનપણથી જ આ સંસ્કાર વિકાસ પામશે અને બીજી તરફ ગાયોને પણ રોજેરોજ તાજી રોટલી ખાવાનો લાભ મળશે.

## થાણે ક્રેડાઈ MCHI અને આશર ગ્રુપ રાસરંગ દ્વારા મહિલા બાઈક રેલી

થાણે ક્રેડાઈ MCHI, આશર ગ્રુપ, રાસરંગ, બ્યુટી ઓન બાઈક, અર્ચના મનેરા ફાઉન્ડેશન અને ટેગ (મિસ/મિસીસ થાણે) સંસ્થા દ્વારા સંયુક્તપણે વિજયાદશમી નિમિત્તે વુમન બાઈક રેલીનું આયોજન શનિવાર, તા.૧૨ ઓક્ટોબરના બપોરે ૩.૩૦થી ૫.૩૦ દરમ્યાન હિરાનંદાની એસ્ટેટ, થાણેથી પ્રારંભ થઈને જકાતનાકા ગ્રાઉન્ડ, કોપરી, હરિઓમનગર, થાણે ખાતે કરવામાં આવ્યું છે. આ રેલીમાં ઈતિહાસમાં પ્રથમ વખત મહિલાઓને બેસ્ટ ડ્રેસ માટે રોકડમાં બક્ષિસ આપવામાં આવશે. જેમાં પ્રથમ ઈનામ રૂા.૫ હજાર, બીજું ઈનામ રૂા. ૨૫૦૦ અને સરપ્રાઈઝ ઈનામ રૂા. ૧૨૫૦ આપવામાં આવશે. આ સાથે પ્રારંભ પોઈન્ટથી છેલ્લાં પોઈન્ટ પર અલ્પાહારનું આયોજન તેમજ જકાતનાકા ગ્રાઉન્ડ, કોપરી ખાતે ડીજે, ગેમ્સ અને ગરબા રાઉન્ડ પણ રાખવામાં આવશે. ભાગ લેનાર તમામે પારંપારિક વસ્ત્રો પહેરવા પડશે. આ બાઈક રેલીમાં ઝુંબા, ફિટનેસ ક્લાસની મહિલાઓ, પોલીસ, ફાયર બ્રિગેડ સહિત તમામ ક્ષેત્રની મહિલાઓ ભાગ લઈ શકશે. નામ નોંધાવવા માટે સંપર્ક: અપર્ણા: ૯૯૮૭૮ ૯૦૩૨૪, સમીર: ૭૩૦૩૧ ૧૦૦૮૨.

## સંગિની ફોરમ મુલુંડ દ્વારા સ્નેહ અને ભક્તિ સાથે તીર્થયાત્રાનું આયોજન

પર્યુષણ પર્વ બાદ શ્રાવકના પાંચ કર્તવ્યમાંથી એક છે ચૈત્ય પરીપાટી. તા.૨૬ સપ્ટેમ્બર, ગુરૂવારના રોજ JSG સંગીની ફોરમ મુલુંડ દ્વારા મહાતીર્થ અગાસી તીર્થનું આયોજન થયું, જ્યાં અતિ પ્રાચીન મુનિસુવ્રત દાદા બિરાજમાન છે. મુલુંડથી સવારે ૬ વાગે પ્રસ્થાન કરી. સૌ પ્રથમ શ્રી લોઢાધામ (પરમાત્મા સીમંધર સ્વામી બિરાજમાન)માં દર્શન અને નવકારશીનો લાભ લીધો. બાદમાં, બસમાં ગેમ્સ રમતા અને ઇનામોની વણઝાર સાથે અગાસી તીર્થ પહોંચ્યા.



ત્યાં સૌએ શક્રસત્વ અભિષેકનો લાભ લીધો, જેના મુખ્ય લાભાર્થી સંગિની ગ્રુપના ફાઉન્ડર પ્રેસિડન્ટ ગીતાબેન હિરેનભાઈ શાહ હતા.

ભક્તિભાવપૂર્વક અભિષેકમાં સૌ ભાવનામાં લીન થઈ ગયા. પ્રીતિ ભોજન બાદ, તપસ્વીઓની સાંજીનું આયોજન કરવામાં આવ્યું, જેમાં સર્વ તપસ્વીઓનું બહુમાન થયું સાંજે ગ્રુપના મેમ્બર શ્રીમતી હિતેશ્રી બેને ગેમ્સ અને લકી ડ્રોનું આયોજન કર્યું. જેમાં શાહ ડાયમંડ્સ તરફથી ભેટો આપવામાં આવી. ચોવિહાર પૂર્ણ કર્યા બાદ સૌએ મુલુંડ તરફ પ્રયાણ કર્યું.

સૌ સંગિની સખીઓએ સાથે મળીને પુણ્યનું અમૂલ્ય ભાથું બાંધ્યું.

– સંગિની પ્રેસિડન્ટ હિનાબેન પારેખ.










Click Here

# મુલુંડની માનબા ફાયનાન્સના પબ્લિક ઈસ્યુને ઉત્તમ પ્રતિસાદ








ટુ અને શ્રી વ્હિલર્સને ફાયનાન્સ કરતી માનબા ફાયનાન્સ લિ.નો પબ્લિક ઈસ્યુ સોમવારના પ્રથમ જ દિવસે છલકાઈ જવા ઉપરાંત બુધવારના અંતે રૂા.૧૫૧ કરોડનું ભરણું ૨૨૪ ગણું છલકાઈ જવા પામ્યું જે એક રેકોર્ડ છે. કંપનીએ રૂા.૧૦નો ફેસ વેલ્યુનો શેર રૂા.૧૨૦ના ભાવથી પબ્લિક ઈસ્યુ લાવી હતી.

## માનબા ફાયનાન્સના શેર BSE અને NSE પર લિસ્ટીંગ થયા

મુલુંડ અને મુંબઈ અગ્રણી ફાયનાન્સ કું. માનબા ફાયનાન્સનો તાજેતરનો રૂા.૧૨૦ના ભાવનો ઈસ્યુ ૨૨૪ ગણો વધુ પડતો ભરાઈ ગયા બાદ સોમવાર, તા.૩૦ સપ્ટેમ્બર.ના રોજ માનબા ફાયનાન્સના એમ.ડી.મનીષ શાહ બેલ વગાડીને એનએસઈ પર લિસ્ટીંગ કરાવ્યું હતું. આ અવસરે મુંલુડ ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સમાજના પ્રમુખ નલીનભાઈ આર.કે.શાહ તેમજ કંપનીના હોલટાઈમ ડિરેક્ટર મોનિલ મનીષ શાહ ઉપસ્થિત રહ્યાં હતાં. માનબા ફાયનાન્સનો પ્રારંભિક શેરભાવ રૂા.૧૫૨.૨૫ બંધ રહ્યો હતો. પ્રથમ જ દિવસે ૪૦,૧૩,૪૯૭ શેરોના સોદા પડ્યા હતા.

કંપનીનું રૂા.૧૫૧ કરોડનું ભરણું હતું પરંતુ રોકાણકારોએ કંપનીને રૂા.૨૪૦૦૦ કરોડ ધરી દીધા!

માનબા ફાયનાન્સના ઈસ્યુમાં હાઈ નેટવર્થ ઈન્વેસ્ટર્સ (એચએનઆઈ)નો હિસ્સો ૫૧૨ ગણો, ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર્સનો ઈસ્યુ ૧૪૯ ગણો અને રિટેઈલ ઈન્વેસ્ટર્સનો ઈસ્યુ ૧૪૪ ગણો વધુ પડતો છલકાઈ જવા પામ્યો છે.

માનબા ફાયનાન્સનો પ્રારંભ મુલુંડના જૈન અગ્રણી કિરીટભાઈ શાહે રૂનવાલ ટાવર અને ત્યારબાદ રૂનવાલ પ્રાઈડથી શરૂ કર્યા બાદ હાલમાં તેમના પુત્ર મનિષભાઈ શાહ અને પૌત્ર મોનિલ શાહ સંભાળે છે. તેમની કોર્પોરેટ ઓફિસ થાણા વાગલે એસ્ટેટ-૧૬ નંબરમાં છે.

# શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ દ્વારા મહિલા ઉપયોગી ત્રણ કાર્યક્રમો







શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ (દરિયાસ્થાન )અને રઘુવીર ફાઉન્ડેશન પરિવાર ના સંયુક્ત ઉપક્રમે તાજેતરના દિવસોમાં ત્રણ એકબીજાથી ભિન્ન કાર્યક્રમો યોજાયા જેમાં પહેલો કાર્યક્રમ જ્ઞાતિની નિયાણીઓ તેમજ બહેનોને ને રઘુવીર ફાઉન્ડેશન મુલુંડ ખાતે નિઃશુલ્ક ગરબા શણગારવાના તેમજ ડિઝાઇન કરવા અને વિવિધ પ્રકારના ગરબા શણગારવા ની વિધિવત માહિતી શ્રીમતી નીતાબેન દ્વારા ૭૫ થી વધારે મહિલાઓ/ નિયાણીઓની હાજરી વચ્ચે આપી,તેમજ ત્યારબાદ ગરબા શણગારવાના મટિરીઅલની દરેકને કીટ આપવામાં આવી. આવેલ દરેક નિયાણીઓ બહેનો ઉત્સાહથી ભાગ લઈને મુંબઈ મહાજન તેમજ રઘુવીર પરિવાર નો ખુબજ આભાર માન્યો સાથે દરેક વર્ષે આવો. કાર્યક્રમ થાય એવી ઈચ્છા વ્યક્ત કરી. બીજો કાર્યક્રમ રઘુવીર પરિવારની બહેનોએ જ શણગારેલા ગરબા જ્ઞાતિની નિયાણીઓ તેમજ બહેનોને નિઃશુલ્ક ભેટ આપવા માટે એક કાર્યક્રમ આજે ચોઈસ અંબે સાગર, ભક્તિ માર્ગ, મુલુંડ વેસ્ટ તા. ૨ ઓક્ટોબર બુધવારે સાંજે ૬ થી ૮ના રઘુવીર ફાઉન્ડેશન ની ઓફિસે વહેલો તે પહેલો ના ધોરણે વિતરણ કરવાનું નક્કી કરેલ છે. દરેક ગરબો રઘુવીર પરિવાર ની બહેનોએ પોતાના ઘર નો ગરબો હોય એવીજ ભાવના રાખીને સુશોભિત કરેલ છે. ઉપરના બન્ને કાર્યક્રમો ની દેખરેખ તેમજ સંપૂર્ણ સમય નો સાથ મહિલા સમિતિ ના પ્રમુખ શ્રીમતી ભાવનાબેન કૌશિક ઠક્કર તેમજ શ્રીમતી હેતલબેન નીતિનભાઈ પાંધી નો રહ્યો છે સાથે દરેક રઘુવીર મેમ્બર્સની પત્નીઓ અને એમના બધાના કમાન્ડર ચીફ (પ્રમુખ )શ્રી નીતિનભાઈ ગોદાવરીબેન ગંગારામ પાંધી તો ખરા જ. ત્રીજો કાર્યક્રમ પણ પાછો મહિલાઓને જ સમર્પિત જે રવિવાર, તા.૨૯ સપ્ટેમ્બર ના બે સેશન(૧૬વર્ષ ની નીચેનાઓ માટેનું એક -૧૬ વર્ષ થી ઉપર બીજું) માં કરવામાં આવ્યો જેનું નામ ''સેલ્ફ ડિફેન્સ વર્કશોપ ફોર અપલીફ્ટમેન્ટ અને બેટરમેન્ટ ઓફ વુમન''. જેનું સંચાલન શ્રીમતી હિનાબેન મજેઠીયા અને એમની ટીમે કર્યું, જેમાં કુલ્લ ૭૦થી વધારે પાર્ટીસીપન્ટો ૬ વર્ષથી ૫૨વર્ષ ની વય ની મહિલાઓ હતી. બધાને રીઅલ લાઈફને પબ્લિકલી આવતા જતા મહિલાઓને બેઝિક ટેકટ્રિક્સ ઉદાહરણો સાથે સમજાવવા માં આવી. અંતમાં મજાની ગિફ્ટ સહુને વિતરિત કરાઈ. આવો ટેકટિક્સ યુક્ત પ્રોગ્રામ સંપન્ન થયો. આ પ્રોગ્રામના કન્વીનર અભિષેક તન્ના તેમજ કુમારી ખુશ્બુ ગણાત્રાના સંયોજન સાથે મહિલા ઉપયોગી કાર્યક્રમને ઉપસ્થિતિ મહિલાઓએ / કિશોરીઓએ વખાણ્યો ને આવી શીખવાની તક મહાજનને રઘુવીર પરિવાર આપી એ બદલ ધન્યવાદ આપ્યાં હતા. ઉપરના ત્રણે કાર્યક્રમો મહાજનના પ્રમુખનીતિનભાઈ ગોદાવરીબેન ગંગારામ પાંધીની સીધી દેખરેખ હેઠળ તેમજ સમસ્ત ટ્રસ્ટી ગણ, સમસ્ત રઘુવીર ટીમ, મહાજન કમિટી પદાધિકારીઓ તેમજ મહિલા સહયોગી ટીમ વગેરે અશક્ય હોત.





Click Here

# ''અભક્ષ નો ત્યાગ આરોગ્યની માંગ'' (ભાગ-૧)



સંગિની સૌરભ
સંકલન - હિના પારેખ
મો.૯૯૬૭૪૫૯૫૧૫



- બીના કીર્તિ શાહ

આત્મસાધનામાં જ્ઞાન નું સર્વ પ્રથમ સ્થાન છે.કહ્યું છે કે ''પહેલું જ્ઞાન પછી દયા''. દયા કોની કરવી? કેવી રીતે કરવી? એ બરાબર જાણવામાં આવે તો દયા બરાબર ઉગી નીકળે. આથી દયા ને બીજું અને જ્ઞાન ને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. મન, મન, વચન અને કાયાની શુભવૃત્તિ , શુભ વિચાર અને શુભ આચારની આત્મા જે શુભ કર્મ પુદ્ગલો ને ગ્રહણ કરે છે, તેને પુણ્ય તત્વ અને કાયાની શુભવૃત્તિ , શુભ વિચાર અને શુભ આચારની આત્મા જે શુભ કર્મ પુદ્ગલો ને ગ્રહણ કરે છે, તેને પુણ્ય તત્વ ને સમજવાનું રસ્તો શ્રી વીર પ્રભુ મહાવીરે સમજાવ્યો છે

આજના યુગમાં મોર્ડન કહેવાતા જનરેશનમાં ખવાતા સડેલા ખોરાકની બનાવટ ને આકર્ષક પ્રણાલી થી વેચાતા જંક પદાર્થો આરોગ્ય પર હુમલો કરી રહ્યા છે માટે જ ભક્ષ અભક્ષ સમજી લઈશું તો આરોગ્ય અને આત્મા બંનેને બચાવી લઈશું

અભક્ષ્ય પદાર્થો ખાધા વિના જીવી શકાય છે.

અભક્ષ્ય પદાર્થો હિંસામય છે, જેમાં ઘણા સજીવોની હિંસા થતી હોય છે.

શરીર અને મનને બગાડીને આત્માને બગાડનાર હોય અને વિકારો ઉત્પન્ન કરે છે

ત્રણ લોકના નાથ, સર્વજ્ઞ, વીતરાગ એવા તારક તીર્થંકર ભગવંતોએ અભક્ષ્ય ત્યાગવાનું કહ્યું છે. આથી, અભક્ષ્ય પદાર્થોનો જીવનભર માટે ત્યાગ જ કરવો જોઈએ.જો આપણે દારૂ બનાવવાની પદ્ધતિ જાણીશું તો કદાચ કદી અડીએ પણ નહીં, જો આપણે બજારમાં દ્રાક્ષ, ગોળ, વગેરે લેવા જઇએ અને તે આપણને સડેલું આપે તો આપણે લેશું? નહીં જ લઇએ ને? પરંતુ દારૂ બનાવવા માટે તો દારૂ-મહુડાં, દ્રાક્ષ, ગોળ, લોટ, વગેરેને ખૂબ સડાવીને બનાવવામાં આવે છે. તેમાં સેંકડો કીડાંઓ પેદા થાય છે, કીડાઓને છૂંદીને તેનો રસ નીચોવાય છે, તેમાંથી આલ્કોહોલ તૈયાર થાય છે.

ધર્મની દ્રષ્ટિએ જોઇએ તો, દારૂમાં સતત બે ઇન્દ્રિય જીવોની ઉત્પત્તિ અને નાશ થતો જ રહે છે.વિજ્ઞાનની દ્રષ્ટિએ જોઇએ તો,આપણા પેટની અંદરની ચામડી ખૂબ જ મૂલાયમ અને પાતળી હોય છે, તેમાં થોડું પણ વધુ તીખું જાય તો આપણે જલન અનુભવીએ છીએ.પરંતુ દારૂ તો એવો જલન પદાર્થ છે કે જે ચામડાનાં જુતા પર પણ જો નાંખવામાં આવે તો તે કોહવાઈને બગડી જાય છે.

જો આવો પદાર્થ પેટમાં નાંખવામાં આવે તો કેટલું નુકશાન થાય?આરોગ્યની દ્રષ્ટિએ જોઇએ તો, દારૂ પીવાથી હોજરીમાં ચાંદા પડે છે,નર્વસ સિસ્ટમ ઉપર ભયંકર અસર પડે છે,

શરાબને કારણે બી.પી., હાર્ટ-અટેક, એનીમીયા વગેરે રોગો ઉત્પન્ન થાય છે.બ્લડમાં રેડ અને વ્હાઇટ સેલ ઘટી જવાથી ભારે રોગોની સંભાવના રહે છે.હોજરીમાં સ્ટેમીના ખલાસ થવાથી પાચનતંત્ર સદાને માટે ખલાસ થઈ જાય છે.

લીવર, પેટ, આંતરડા, અન્નનળી વગેરેના કેન્સર થાય છે.

આંખની રેટીના, જીવ-કોશીકાઓ મૃત્યુ પામતા દર્દી આંધળો બને છે. અને આવા તો ઘણા રોગો થાય છે.

સામાજીક દ્રષ્ટિએ જોઇએ તો,માણસનું વર્તન બદલી જાય છે.લોકો સાથે તોછડાઈથી બોલી વ્યવહાર બગાડે છે. દારૂ પીને ઝઘડો કરવો, મારવું, વગેરે બનાવો તો આપણે જોતા જ હોઈએ છીએ.તેથી જ સર્વજ્ઞ ભગવંતો એ દારૂને અભક્ષ્ય ગણ્યો છે અને પીવાની ના પાડી છે. સ્પીરીટ, તાડી અને નીરોમાં પણ મદિરા જેવું તત્વ હોવાથી તે પણ અભક્ષ્ય છે.

રોટલા રોટલી, ભાખરી, થેપલા, ઇડલી, ઢોંસા, કચોરી, સમોસા વગેરે જે દિવસે બનાવ્યા હોય તે જ દિવસે ચાલે, બીજે દિવસે વાસી ગણાય છે. તેમાં પાણીનો અંશ હોવાને કારણે લાળીયા બે ઇન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે માટે તે ખવાય નહીં તેમજ કૂતરા કે અન્ય પ્રાણીને પણ ખવડાવાય નહીં.પાકી ચાસણી વિનાના પેંડા બીજે દિવસે ન ચાલે.દૂધની મલાઇ રાત રહેવા માત્રથી વાસી થાય છે, આજની મલાઇમાં સાંજે મેળવણ નાંખ્યું હોય તો મલાઈ બે રાત્રિ પછી અભક્ષ્ય બને છે.સવારે દોહેલ દૂધ ૪ પ્રહર સુધી જ ભક્ષ્ય છે. (૪ પ્રહર એટલે લગભગ ૧૨ કલાક)

ડેરીના દૂધ અભક્ષ્ય છે.બાસુંદી, શ્રીખંડ વગેરે બીજે દિવસે ન ખવાય.જલેબીના આથામાં જીવોની ઉત્પત્તિ થાય છે માટે અભક્ષ્ય છે.

લીલો સૂકો હલવો, ઘંઉના લોટને સડાવીને બનાવાય છે માટે તે અભક્ષ્ય છે. ખંભાતનું હલવાસન પણ અભક્ષ્ય છે. શેકેલો પાપડ જે દિવસે શેક્યો હોય તે જ દિવસે ચાલે. તેલ કે ઘી માં તળેલો પાપડ બીજે દિવસે વાપરી શકાય પણ જો હવાઇ જાય તો ના ચાલે.

જો ચટણી વાટતા પાણી નાંખ્યું હોય અથવા મેથીદાળીયા, ચણા નોલોટ વગેરે ભેળવ્યો હોય તો ચટણી બીજે દિવસે વાસી બને છે. પણ જો લીંબુ નો રસ નાખ્યો હોય અને પાણી કે લોટ નાખ્યા વિના વાટેલી હોય તો ત્રણ દિવસ સુધી ચાલે છે.

ચટણી બનાવતા કોથમીર, મરચાં પાણી થી ધોયા હોય તો પાણી

## આજે બુધવારે કન્યા રાશિમાં સૂર્યગ્રહણ

''સુર્ય ગ્રહણ'' સંવત ૨૦૮૦ ભાદરવા વદ ''અમાસ'' તા,૦૨/૧૦/૨૦૨૪ બુધવારે નાં રોજ કન્યા રાશિમાં સૂર્યગ્રહણ થવા જઈ રહ્યું છે. ભારતીય સમય પ્રમાણે વર્ષનું બીજુ સૂર્યગ્રહણ ૨ ઓક્ટોબરના રોજ રાત્રે ૯:૧૨ વાગ્યે શરૂ થશે, જે વહેલી સવારે ૩:૧૭ વાગ્યે સમાપ્ત થશે.


આ સુર્ય ગ્રહણ ભારતમાં દેખાવાનું નથી. ભારતમાં આ સૂર્યગ્રહણનો ધાર્મિક વેધ(સુતક) પાળવાનું નથી. આ સૂર્યગ્રહણ દક્ષિણ અમેરિકાના દક્ષિણ ભાગોમાં દેખાશે અને પ્રભાવિત થશે, જેમાં આર્કટિક, ચિલી, પેરુ, હોનોલુલુ એન્ટાર્કટિકા, આર્જેન્ટિના, ઉરુગ્વે, બ્યુનોસ આયર્સ અને બેકા ટાપુનો સમાવેશ થાય છે. અને દક્ષિણ અમેરિકા,પેસિફિક મહાસાગર અને એટલાન્ટિક મહાસાગરના કેટલાક ભાગોમાં પણ આ સૂર્યગ્રહણ દેખાશે. ભારતમાં દેખાવાનું નથી માટે ભારતમાં આ સૂર્યગ્રહણનો ધાર્મિક વેધ (સુતક) પાળવાનું નથી. એવું પંડિત દીપક મારાજ ખરાશંકર પંડ્યાએ જણાવ્યું છે.

## અચલગચ્છના પ.પૂ.સાધ્વી ભગવંત કીર્તનગુણાશ્રીજી મ.સા.ના જન્મદિવસે ધાર્મિક ક્વિઝ યોજાઈ

૩૦ સપ્ટેમ્બરના મુલુંડ મૂર્તિપૂજક જૈન સંઘ ઝવેર રોડ દેરાસરમાં અચલગચ્છના પરમ પૂજ્ય સાધ્વી ભગવંત કીર્તનગુણાશ્રીજી મ.સા.ના ૫૩મા જન્મદિવસના વધામણા માટે સવારના ૯થી ૧૧.૩૦ વાગ્યા સુધી ધાર્મિક ક્વીઝ પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. એ સમયે બહોળી સંખ્યામાં શ્રાવિક-શ્રાવિકાઓએ હાજરી આપી હતી. દેસાવગાસિક સામાયિક રાખવામાં આવ્યું હતું. સિદ્ધમ મોલ ધાર્મિક ગેમ રમાડવામાં આવી હતી. પરમ પૂજ્ય સાધ્વી ભગવંત કિર્તનગુણા શ્રીજી મહારાજ સાહેબ, પ. પૂ. સાધ્વી ભગવંત તત્ત્વાર્થગુણાશ્રીજી મહારાજ સાહેબએ ૧૦ ગ્રુપો બનાવડાવ્યા હતા. ચિઠ્ઠી કાઢવામાં આવતી એ પ્રમાણે જવાબ ગ્રુપને આપવામાં આવતા. જવાબ સાચો હોય તો ગ્રુપને પોઈન્ટ આપવામાં આવતાં. એ સમયે તપોગચ્છના ચાર સાધ્વી ભગવંતોએ હાજરી આપી હતી. ધાર્મિક ગેમમાં ભાવનાબેન વોરા, ગામ નારાયણપરએ મદદ કરી હતી. ૧૧મો શુક્રવારનો પાર્શ્વપદ્માવતી અનુષ્ઠાન પૂજનમાં પણ ભાવના વોરાએ સંગીતની રમઝટ જમાવી હતી. પ. પૂ.સાધ્વી ભગવંત કીર્તન ગુણાશ્રીજી મ. સા.ના જન્મદિવસ નિમિત્તે ઝવેર રોડ દેરાસરમાં કામ કરતા સ્ટાફને દાતા પરિવાર તરફથી ગિફ્ટ આપવામાં આવી હતી.

## ભાજપના મેધા કિરીટ સોમૈયાએ કરેલા કેસમાં સાંસદ સંજય રાઉતને ૧૫ દિવસની કેદની સજા બાદ જામીન મળ્યાં

ભાજપના નેતા ડૉ.કિરીટ સોમૈયાના પત્ની પ્રોફેસર મેધા કિરીટ સોમૈયા દ્વારા દાખલ કરવામાં આવેલા બદનક્ષીના કેસમાં મઝગાંવ મેજિસ્ટ્રેટની કોર્ટે ગુરૂવારે શિવસેના (યુબીટી) સાંસદ સંજય રાઉતને દોષિત ઠેરવીને ૧૫ દિવસની સાદી કેદની સજા ફટકારી હતી. જોકે રાઉતને કોર્ટે જામીન આપ્યા હતા અને સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરવા માટે તેમની સજાને એક મહિના માટે સ્થગિત કરવામાં આવી હતી. કોર્ટે રાઉતને આઈપીસીની કલમ ૫૦૦ (માનહાનિ) હેઠળ દોષિત ઠેરવ્યા હતા તેમજ રાઉતને મેધાને રૂા. ૨૫ હજારનું વળતર ચૂકવવાનો નિર્દેશ આપ્યો હતો.



મેધા સોમૈયાએ પોતાની ફરિયાદમાં રજૂઆત કરી હતી કે મરાઠી અખબાર સામનાના એક્ઝિક્યુટીવ એડિટર અને શિવસેનાના મુખ્ય પ્રવક્તા સંજય રાઉતે ૧૫ એપ્રિલ ૨૦૨૨માં મેધા સોમૈયાની યુવક પ્રતિષ્ઠાન સંસ્થાએ મીરા-ભાયંદરમાં શૌચાલય બનાવ્યા હતા તેમાં ૧૦૦ કરોડનું કૌભાંડ કર્યું હોવાનો દાવો કરીને તેમની પ્રતિષ્ઠાને ખરડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. રાઉતના આ નિવેદનને ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયા દ્વારા છાપવામાં, પ્રકાશિત અને પ્રસારિત કરવામાં આવ્યા હતા તેમજ તે સોશ્યલ મીડિયા પર પણ વાયરલ થયા હતા. કોર્ટે આ મુદ્દે સંજય રાઉતને અનેક વખત નોટિસ મોકલ્યા બાદ તેઓ પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ જતા તેમને દોષિત જાહેર કરીને ૧૫ દિવસની સજા સંભળાવી હતી.

અદાલતના ફેંસલા પર પ્રતિક્રિયા આપતા પ્રો.મેધા સોમૈયાએ કહ્યું હતું કે હું અદાલતના ફેંસલાથી ખુશ અને સંતુષ્ટ છું. આનાથી પુરવાર થાય છે કે મેં કંઈપણ ખોટું કર્યું નહોતું અને સંજય રાઉતે મારા પર ખોટા આરોપો મૂક્યા હતા. કોર્ટના ચુકાદાને પગલે સત્યનો વિજય થયો છે અને અમને ન્યાય મળ્યો છે.

Click Here

Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
• Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda • R.N.I. Regn. No. 69568/98**


@MULUND
પરિધાન®
DESIGNER NAVRATRI EXHIBITION
01 02 OCT
મંગળવાર બુધવાર
The Palace
JUNC. OF N.S. & S.L. ROAD,
MULUND (WEST)
55+CABINS/STALLS
FREE VALET PARKING
શિલ્પા શેઠીયા : 9653609990


Namkeen Spring Rolls
Available in 30 countries worldwide...
Kamlesh
Namkeen! Har Din...
For trade inquiries:
Kamlesh Foods (P) Limited
Unit No. 52/53/56, Jamnadas,
Indl. Estate, Dr. R.P Road, Mulund (West).
Cust. Care.: 80 9131 9131
e :info@kamleshnamkeens.com
w :www.kamleshnamkeens.com


OCCASION OF
Navratri
AISHWARYA
nicco
Since 1972
JODI FLATS
AVAILABLE
Podium Surface Car Parking
MAHA RERA: P51800050999
1 BHK ₹1.23 CR* Onwards
₹1.81 CR* Onwards 2 BHK
Murar Road, Mulund (W)
Manav STUDIO BY KANTI GALA
KANTI GALA
998721876

Click Here